ગુજરાતના ઇતિહાસની વાતો

(નવીન સંક્ષિપ્ત આવૃત્તિ)

તૈયાર કરનાર

છગનલાલ ઠાકોરદાસ મોદી, બી. એ.

રિટાયર્ડ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર,

વડોદરા રાજ્ય;

તથા

જગજીવનદાસ દયાળજી મોદી,

આસિસ્ટન્ટ માસ્તર,

ટ્રેનિંગ કોલેજ—વડોદરા.

સુરત સને ૧૯૨૧

ગુજરાતના ઇતિહાસની વાતો.

(નવીન સંક્ષિપ્ત આવૃત્તિ)

તૈયાર કરનાર

છગનલાલ ઠાકોરદાસ મોદી, બી. એ.

રિટાયર્ડ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર,

વડોદરા રાજ્ય.

તથા

જગજીવનદાસ દયાળજી મોદી,

આસિસ્ટન્ટ માસ્તર,

ટ્રેનિંગ કોલેજ-વડોદરા.

સંવત ૧૯૭૭ — **સુરત** — સને ૧૯૨૧

સુરત-ચૌટાના પુલ ઉપર આવેલા "સુરત સીટી" પ્રિન્ટીંગ
પ્રેસમાં ઠાકોરદાસ માનસીંગે છાપી.

પ્રસિદ્ધ કરનાર તથા વેચનાર
મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ, બુકસેલર્સ,
નાણાવટ, સુરત.

પ્રસ્તાવના

વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ પડે તેવા ગુજરાતના ઇતિહાસના વાતોના એક પુસ્તકની આવશ્યકતા છે એવું અમને તેમજ અમારા કેટલાક સ્નેહીઓને લાગવાથી તે તૈયાર કરી સં. ૧૯૭૫માં પ્રકટ કરવામાં આવ્યું હતું. પરંતુ વિદ્યાર્થી માટે અને તેટલી ટુંકાણમાં હકીકત લખાવવી હોવી જોઈએ એવી સૂચના થવાથી તે ધોરણ લક્ષમાં રાખી આ નવીન સંક્ષિપ્ત આવૃત્તિ તૈયાર કરીને પ્રકટ કરવામાં આવે છે.

વસંત પંચમી,
સંવત ૧૯૯૭.

છગનલાલ ઠાકોરદાસ મોદી.

અનુક્રમણિકા.

ભાગ ૫મો–વાઘેલા વંશ

ભાગ ૬ઠ્ઠો–મુસલમાની રાજ્યકાળ

ભાગ ૭મો–મરેઠી રાજ્યકાળ તથા અંગ્રેજી અમલ

ગુર્જર ભૂમાતાનું સ્વરૂપ.

જય જય ગરવી ગુજરાત !

જય જય ગરવી ગુજરાત, દીપે અરુણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળળ કસુમ્બી, પ્રેમશૌર્ય અઙ્કીત,
તું ભણવ ભણવ નિજ સન્તતિ સહુને, પ્રેમભક્તિની રીત–
ઉંચી તુજ સુન્દર જાત, જય જય ગરવી ગુજરાત.—૧

ઉત્તરમાં અમ્બા માત, પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરન્ત રક્ષા, કુન્તેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ, પશ્ચિમ કેરા દેવ–
છે સહાયમાં સાક્ષાત, જય જય ગરવી ગુજરાત.—૨

નદી તાપી નર્મદા જોય, મહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટના જુદ્ધરમણને, રત્નાગર સાગર,
પર્વત ઉપરથી વીર પૂર્વજો, દે આશિષ જયકર–
સમ્પે સોયે સહુ જાત, જય જય ગરવી ગુજરાત.—૩

તે અણહિલવાડના રઙ્ગ, તે સિદ્ધરાજ જયસિઙ્ગ,
તે રઙ્ગથકી પણ અધિક સરસ રઙ્ગ, થશે સત્વરે માત,
શુભ શકુન દીસે મધ્યાન્હ શોભશે, વીતી ગઇ છે રાત–
જન ઘૂમે નર્મદા સાથ, જય જય ગરવી ગુજરાત.—૪

(સ્વ. કવિ નર્મદાશંકર લાલશંકર)

ગુજરાતના ઈતિહાસની વાતો.

ભાગ ૧ લો.

૧. આપણો ગુજરાત દેશ.

હિંદુસ્તાનના બગીચા સમાન ગણાતો સુંદર રસાળ પ્રદેશ ગુજરાત હિંદુસ્તાનના પશ્ચિમ ભાગમાં આવેલો છે. એનો વિસ્તાર ઉત્તરમાં કચ્છના રણથી મારવાડ સુધી; દક્ષિણમાં થાણા જિલ્લાની સરહદ લગી; પૂર્વે ખાનદેશ, માળવા, મેવાડ અને વિંધ્યાચળથી આબુ સુધી આવેલી પર્વતોની હાર સુધી; અને પશ્ચિમે અરબી સમુદ્રના કિનારા સુધી છે.

કુદરતી રચનાથી ગુજરાતનો પ્રદેશ ઘણો રમણીય બનેલો છે. નાના મોટા ડુંગરાઓ, મોટી મોટી નદીઓ, વિવિધ વનસ્પતિથી છવાયલાં વનો, મનમોહક મેદાનો અને હવા ખાવાનાં સ્થળો તથા પવિત્ર તીર્થો અને જળાશયોથી એ પ્રદેશ શણગારાયલો છે. ઉત્તમ જાતિનાં આંબા, ફણસ, કેળ, વગેરે સ્વાદિષ્ટ મેવાનાં ઝાડોથી ગુજરાતની વાડીઓ લચી રહેલી છે. એમાં કપાસની પેદાશ મુખ્ય છે અને ઘઉં, ડાંગર, જુવાર, બાજરી વગેરે અનાજ પણ જથાબંધ પાકે છે, ડુંગરી પ્રદેશમાં ઉત્તમ ઔષધિઓ અને ઈમારતી લાકડાંની પેદાશ થાય છે. આવો રળિઆમણો પ્રદેશ તે આપણો ગુજરાત છે.

રાજકીય ફેરફારો અને રાજ્યવ્યવસ્થાને લીધે ગુજરાતના ભાગો વારંવાર બદલાયા કરે છે; તોપણ કુદરતી રીતે એના મુખ્ય બે ભાગ પડી રહેલા છે: (૧) દ્વીપકલ્પનો પ્રદેશ અને (૨) ખંડસ્થ પ્રદેશ. કચ્છના અખાત અને ખંભાતના અખાતની વચ્ચે આવેલો કાઠિઆવાડનો પ્રદેશ તે દ્વીપકલ્પ છે પણ ખંડસ્થ પ્રદેશનેજ ઘણાખરા ગુજરાત નામથી ઓળખે છે. કાઠિઆવાડ તો દ્વીપકલ્પના એક ભાગનુંજ નામ છે; પરંતુ કાઠી લોકોનું બળ વધવાથી આખા દ્વીપકલ્પનું નામ કાઠિઆવાડ પડ્યું.

હાલ રાજકીય દૃષ્ટિએ ગુજરાતના બે મુખ્ય ભાગ પડ્યા છે. (૧) ખાલસા ભાગ—એટલે અંગ્રેજ સરકારના મુલકના સુરત, ભરૂચ, અમદાવાદ, ખેડા અને પંચમહાલ, એવા પાંચ જિલ્લા કરેલા છે તે; અને દેશી રાજ્યો—એમાં ગાયકવાડ સરકારનું મોટું રાજ્ય અને કાઠિઆવાડ તથા મહિકાંઠા અને રેવાકાંઠાનાં નાનાં રાજ્યો છે.

૨. ગુજરાતની પ્રજા.

જુદી જુદી જાતિઓથી ગુજરાતની પ્રજા બનેલી છે. વસ્તીનો મુખ્ય ભાગ હિંદુ છે, અને તે સિવાય મુસલમાન, પારસી, જૈન અને ખ્રિસ્તી છે. જે જે પ્રજાઓ ગુજરાતમાં રાજ્યસત્તાના કારણે, વેપાર રોજગારને માટે અને ભટકતી જાત તરીકે આવીને વસી અને ઘણો કાળ રહી તે પછી ગુજરાતની પ્રજા તરીકે સ્થાયી વસવાટ કરીને રહી છે. હિંદુસ્તાનમાં અને તેમાં મુખ્યત્વે ગુજરાતમાં મુસલમાનોનું રાજ્ય થયા પછી મુસલમાન પ્રજા ગુજરાતમાં વસી છે.

પૂર્વે હિંદુ પ્રજાની મૂળ ચાર વર્ણ હતી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રઃ પરંતુ આજે તેમાંથી બ્રાહ્મણ, વાણીઆ, રજપુત, પાટીદાર, સોની, સુતાર, માળી, ઘાંચી, મોચી, હજામ, કોળી, વગેરે ગુજરાતની ન્યાતો થઈ છે; એટલુંજ નહિ પણ તેમાં વળી પેટા જ્ઞાતિઓ અને જથ્થા થવાથી અસંખ્ય નાની ન્યાતો બંધાઈ છે ધર્મના પણ અનેક મત પંથો છે. આમ છે છતાં ગુજરાતની પ્રજા શાંત, સુશીલ, સહનશીલ, ક્ષમાવાન, સંતોષી અને રાજનિષ્ઠ છે. વેપાર અને ખેતી એજ ગુજરાતનાં દ્રવ્યોત્પત્તિનાં મુખ્ય સાધનો છે. ગુજરાતનો ખેડુતવર્ગ મહેનતુ અને સંતોષી છે. ગુજરાતના વેપારીઓ બુદ્ધિશાળી અને સાહસિક છે, અને તેથી હિંદુસ્તાનમાં ગુજરાત વેપારી પ્રદેશ તરીકે લેખાય છે.

૩. ગુજરાત નામ પડવાનું કારણ.

ગુર્જર નામે જે પરદેશી પ્રજા દેશ જીતતી આવી અને કાયમનો વસવાટ કરીને દેશમાં રહી તેના નામ ઉપરથી દેશનું નામ ગુજરાત પડયું. ગુર્જરોએ જીતેલો દેશ તે ગુજરાત; અથવા ગુર્જરોએ દેશમાં કાયમનો વસવાટ કર્યા પછી ગુર્જરરાષ્ટ્ર એટલે ગુર્જરોનો દેશ એમ કહેવાવા લાગ્યું, અને તે ઉપરથી પછી ગુજરાત નામ પડયું.

છઠ્ઠા અને સાતમાં સૈકામાં ગુજરાતના મુંબઇ સુધીના પ્રદેશમાં ગુર્જરોનાં બે સ્વતંત્ર રાજ્યો હતાં, અને તેથી ગુર્જરોની ઘણી વસ્તી ગુજરાતમાં આવીને વસેલી હોવી જોઇએ. હાલ પણ ગુર્જર વાણીઆ, ગુર્જર સોની, ગુર્જર કુંભાર, ગુર્જર સલાટ વગેરે ગુર્જર નામની ઘણી ન્યાતો ગુજરાતમાં વસે છે. ગુજરાતના લેઉઆ અને કડવા પાટીદારો પણ અસલ ગુર્જરો હોવા જોઇએ.

૪. ગુજરાતના ઇતિહાસની સાંકળ.

આપણો દેશ ગુજરાત છે, ગુજરાત હિંદુસ્તાનમાં આવેલું છે, અને હિંદુસ્તાનના ચક્રવર્તી રાજા અંગ્રેજ સરકાર છે, તેથી ગુજરાતમાં પણ અંગ્રેજ સરકારનું રાજ્ય ગણાય છે; પરંતુ ગુજરાતના કેટલાક ભાગમાં શ્રીમંત ગાયકવાડ સરકારનું રાજ્ય છે, તેથી ગાયકવાડને પણ ગુજરાતના રાજા કહે છે. ગાયકવાડ પહેલાં ગુજરાત પેશ્વા સરકારના તાબામાં હતું, અને પેશ્વા સરકારે મોગલ બાદશાહોના સુબાઓ પાસેથી તે લઇ લીધું હતું. મોગલ અમલ પહેલાં ગુજરાતમાં સ્વતંત્ર મુસલમાન બાદશાહોનો અમલ હતો. તેમની રાજધાની અમદાવાદમાં હતી. અમદાવાદના બાદશાહો પહેલાં ત્યાં વાઘેલા વંશના રજપુત રાજાઓનું રાજ્ય હતું. એ રાજાઓની રાજધાની પાટણમાં હતી. વાઘેલા વંશ

પહેલા સોલંકી વંશના રજપુતો ત્યાં રાજ્ય કરતા હતા. એ વંશમાં સિદ્ધરાજ વગેરે નામાંકિત રાજાઓ થઈ ગયા છે. સોલંકી રજપુતો પહેલાં ચાવડા વંશના રજપુતો રાજ્ય કરતા હતા. તે વંશનો પહેલો રાજા વનરાજ બહુ બહાદુર થઇ ગયો છે. તેણે પોતાના બાપનું ગએલું રાજ્ય પાછું જીતી લીધું હતું. તેમના પહેલાં વલ્લભી રાજાઓનો અમલ હતો. તેમની રાજધાની વલ્લભીપુરમાં હતી. વલ્લભી રાજાઓની પહેલાં કેટલાએક વંશના રજપુત રાજાઓ થઈ ગયા છે. સૌથી જુનામાં જુનું પુરાણકાળમાં યાદવોનું રાજ્ય ગુજરાતમાં હતું. એ વંશમાં શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મ થયો હતો. યાદવોની રાજધાની કાઠિઆવાડમાં દરીઆ કાંઠે દ્વારકામાં હતી. એ એક મોટું તીર્થનું ક્ષેત્ર ગણાય છે.

ભાગ ૨ જો.—વલ્લભીવંશ.

૫. વલ્લભીપુર અને વલ્લભી રાજાઓ.

ભાવનગરથી થોડે છેટે ચમારડીના ડુંગરાઓની થડમાં પીલુડીનાં ઝાડનું એક જંગલ છે. એ જંગલમાં વલ્લભીપુરનાં ખંડેરો નજરે પડે છે. ચમારડીનાં ડુંગરા ઉપરથી નીકળી ઉનાળાના દિવસોમાં સ્વચ્છ જળ પ્રવાહથી વાંકી ચુંકી ધીમી ધીમી વહેતી અને વરસાદના દિવસોમાં જોસબંધ વહી દરીઆને મળવા જતી ઘેલારો નદી એ નગરનાં ખંડેરો આગળ વહે છે. હાલ એ ઠેકાણે વળા નામે ગામ વસેલું છે, ને તે વલ્લભી રાજાઓનાજ વંશજો ગોહેલ વંશના રજપુત ઠાકોરની સત્તામાં છે. અહીંથી થોડે છેટે ઉત્તમ કારીગરીથી ભરેલાં જૈન દેવાલયોથી શોભી રહેલો શેત્રુંજય પર્વત આવેલો છે.

ભગવાન રામચંદ્રના પુત્ર લવે પંજાબમાં લાહોર વસાવી ત્યાં રાજ્ય કર્યું. તેમના વંશમાં ૬૩મા પુરુષ કનકસેન થયા,

તે સન ૧૪૪માં વિરાટનગર જે હાલ ધોળકા કહેવાય છે ત્યાં આવીને વસ્યા. ત્યાંથી પછી કોઈ પરમાર કુળના રાજાનું રાજ્ય જીતી લઈ વડનગર વસાવી ત્યાં તેણે પોતાની રાજધાની કરી. એ કનકસેનના વંશમાં વિજયસેન નામે એક પ્રતાપી રાજા થઈ ગયા હતા. એમણે વિજયપુર, વિદર્ભ અને વલ્લભી-નગર વસાવ્યાં હતાં, અને વલ્લભીપુરમાં પોતાની રાજધાની કરી હતી (ઇ. સ. ૫૯૯). વિજયસેન પછી વલ્લભી વંશની ગાદીએ બીજા અનેક રાજાઓ થઈ ગયા, તેમાંના છેલ્લા એટલે સાતમા શિલાદિત્યના વખતમાં વલ્લભીપુરનો નાશ થયો. શિલ એટલે સદ્‌ગુણ અને આદિત્ય એટલે સૂર્ય એટલે સદ્‌ગુણનો સૂર્ય એવો એનો અર્થ થાય છે.

૬. કાકુ રંક તથા વલ્લભીપુરનો નાશ.

મારવાડમાં પાલી નામે એક શહેર છે તેમાં કાકુ નામે વાણિયો રહેતો હતો. બખાનો માર્યો તે વલ્લભીપુર આવી આહીરોનાં ઝુંપડાંમાં રહ્યો. એક ટંકનું ખાવાનું પણ તેને મળતું નહિ, તેથી લોકો તેને કાકુ રંક કહીને બોલાવતા. અહીં આવીને તેણે ઘીનો વેપાર કરવા માંડયો, તેમાં તે ઘણા પૈસા કમાયો અને મોટો કરોડપતિ શેઠ બન્યો.

કાકુની છોકરી એક વખત રત્નજડિત સોનાની કાંસકીથી માથું ઓળતી હતી તે રાજાની કુંવરીના જોવામાં આવ્યું. તે કાંસકી લેવા કુંવરીએ રાજા આગળ હઠ કરી ત્યારે રાજાએ કાકુ પાસે તે કાંસકી માગી; પણ કાકુએ તે આપી નહિ. તેથી રાજાએ છેવટ કાકુ પાસેથી તે જબરદસ્તીથી ખુંચવી લીધી. આથી કાકુને બહુ ગુસ્સો ચઢ્યો. પછી તે મ્લેચ્છ દેશમાં ગયો અને એક કરોડ રૂપીઆ લાંચ આપીને વલ્લભીપુર પર ચઢાઈ લઈ આવ્યો; તેમાં શિલાદિત્ય મરાયો અને શહેર ભાંગ્યું.

ભાગ ૩ જો.–ચાવડાવંશ.

૭. ચાવડા રજપુતો.

ચાવડા રજપુતો એ સિંધ તરફથી આવેલી એક લડાયક પ્રજા દેવપાટણ આગળ દરીઆ કિનારે પ્રથમ વસેલી. પ્રથમ એ દરીઆ કાંઠે ચાંચિયાનો અને ચોરીનો ધંધો કરતા તેથી લોકોમાં ચૌરા (સં. चौराः) કહેવાતા. તેનું અપભ્રંશરૂપ ચવરા અને પછી ચાવડા થયું. યોગરાજના પુત્ર ક્ષેમરાજે પાટણ બંદરે આવેલાં કેટલાંક પરદેશી વેપારીનાં વહાણ લૂટ્યાં હતાં, તે ઉપરથી યોગરાજે તેને ઠપકો આપ્યો હતો કે, "તેં આજ સુધી મારી કરેલી મહેનત ધૂળમાં નાખી. આપણા પૂર્વજો આવાં કામ કરતા તેથી તેમને ચોર ગણીને લોક ધિક્કારતા. તેમનું આવું લાંછન મેં ધોઇ નાખવા માંડયું હતું તે તેં પાછું તાજું કર્યું." આ ઉપરથી જણાય છે કે ચોરીનો ધંધો તેમને પ્રિય હતો તે ઉપરથી તેમનું નામ ચાવરા કે ચાવડા પડયું હશે. ચાવડા ઉપરથી થએલો જાવડા શબ્દ હજુ પણ વઢીયાર તરફ ચોરના અર્થમાં વપરાય છે.

વલ્લભીપુરનો નાશ થયા પછી ચાવડાઓ કચ્છના રણ પાસે પંચાસરમાં આવીને વસ્યા, અને ત્યાં મોટું રાજ્ય સ્થાપ્યું.

૮. જયશિખરી ચાવડો.

આ ચાવડા વંશનો જયશિખરી નામે રજપુત રાજા ઇ. સ. ૬૯૬માં પંચાસરમાં રાજ્ય કરતો હતો. તે મહા બળવાન, તેજસ્વી અને બુદ્ધિમાન હતો. તેનો ભંડાર અખૂટ હતો અને તેની ફોજ અગણિત અજીત યોદ્ધાઓથી બનેલી હતી. એની રાણી રૂપસુંદરી ઘણી રૂપાળી અને પતિવ્રતા તથા શૂરી ક્ષત્રાણી હતી. એનો સાળો સુરપાળ હતો તે એનો ખાસ મિત્ર અને માનીતો સરદાર હતો. જયશિખરી વેદ ધર્મ પાળ-

નારો ધર્મિષ્ઠ રાજા હતો. એની રૈયત સુખી અને આબાદ હતી. રામરાજ્ય જેવું એનું રાજ્ય હતું અને તેથી દેશાંતરમાં એની કીર્તિ પસરી રહી હતી.

ગુજરાતમાં જયશિખરી રાજ્ય કરતો તે વખત દક્ષિણમાં કુલ્યાણ કટક અથવા કલ્યાણી નગરમાં સોલંકી વંશનો ભુવડ નામે રાજા રાજ્ય કરતો હતો. તે મહા ગર્વિષ્ઠ હતો. ગુજરાતની રસાળ ભૂમિની અને રાજાની કીર્ત્તિની વાતો સાંભળી તેણે ગુજરાત જીતવા લશ્કર મોકલેલું, પણ જયશિખરીના પરાક્રમથી ડરી એના સરદારો પાછા નાશી ગએલા અને ભુવડ આગળ જુઠું બોલેલા કે, "અમે ગુજરાત દેશ જીતીને ત્યાંના રાજાને આપની તાબેદારી કબુલ કરાવી છે;" પરંતુ એવું બન્યું કે રાજા ભુવડ એક વખત સભા ભરીને બેઠો હતો તે વખત એક શંકર નામે જયશિખરીના દરબારનો રાજકવિ પોતાની વિદ્વત્તાના બળથી દેશ જીતતો જીતતો ત્યાં આવી ચઢ્યો. તેણે ભુવડનાં બહુ વખાણ કર્યાં. ભુવડે પ્રસન્ન થઈ તેને સારૂં ઈનામ આપ્યું, અને પૂછ્યું કે કયા રાજાનો તું રાજકવિ છે? તેના ઉત્તરમાં શંકર કવિએ જયશિખરીના રાજકવિ હોવાનું અભિમાન સાથે જણાવ્યું અને ગુર્જરભૂમિનાં ઘણાંજ વખાણ કર્યાં.

આ વાત સાંભળી ભુવડ ચમક્યો. તેણે જાણ્યું કે ગુજરાત જીત્યાની વાત મારા સરદારોએ કહી તે ખોટી છે. પછી તેણે પોતાના સોળે શૂરા સામંતોને એક મોટું લશ્કર આપીને ગુજરાત જીતવા મોકલ્યા. શંકર કવિએ પહેલેથીજ આ વાતની ખબર પોતાના રાજાને કહી હતી, તેથી લશ્કર ગુજરાતની હદમાં આવતાંજ જયશિખરી ઉત્સાહમાં આવી લઢવાને તૈયાર થઈ ગયો; અને સુરપાળે સમયસૂચકતા વાપરી પોતાના શૂરા સિપાઈઓને લઈ આગળ નીકળી પડી ભુવડના લશ્કરને ઘેરી

લીધું. વાઘ જેમ બકરાંના ટોળા ઉપર તૂટી પડે તેમ તેના પર તે તૂટી પડ્યો. આથી આવેલું લશ્કર કલ્યાણકટક પાછું ભાગી ગયું. પછી ભુવડ બીજું બળવાન લશ્કર લઈને જાતે ચડ્યો અને પંચાસર આવ્યો. તેણે બાવન દિવસ સુધી શહેરને ઘેરો ઘાલ્યો. છેવટે એક બાજુનો કિલ્લો તૂટ્યો એટલે જયશિખરી કેસરિયાં કરીને બહાર પડ્યો. જ્યારે એણે જાણ્યું કે આપણો જય થવાનો નથી ત્યારે પોતાના સાળા સુરપાળને બોલાવી કહ્યું કે, "હવે આપણો નાશ થશે અને નગર લૂટાશે માટે તારી બહેનને કોઈ સુરક્ષિત સ્થળે મૂકી આવ. એ ગર્ભવંતી છે તેથી એને જો પુત્ર થશે તો કોઈ દિવસ મારૂં વેર લેશે અને ગુજરાતનું રાજ્ય પાછું મેળવશે." સુરપાળે આવા લડાઈના અણીના વખતે છૂટા પડવા પ્રથમ ના પાડી, પણ ઘણું સમજાવ્યાથી છેવટે તેમ કરવા કબુલ કર્યું, અને રાણી રૂપસુંદરી પાસે આવ્યો. રૂપસુંદરીએ પણ પ્રથમ જવાની ના કહી અને જો યુદ્ધમાં જયશિખરીનું મરણ થાય તો તેની પાછળ સતી થવાની ઈચ્છા જણાવી; પણ પોતે ગર્ભવંતી હતી એટલે વખતે પુત્ર થાય તો ધણીનું નામ રાખે એમ જાણી સુરપાળ સાથે વનમાં ગઈ; અને ત્યાં એક ગુપ્ત સ્થળમાં રહી. ત્યાર પછી જયશિખરી મરણીયો થઈ રણમાં તૂટી પડ્યો. તેણે વિચાર્યું કે બકરાં કાપવા કરતાં વાઘનેજ મારવો, તેથી તે ભુવડના ઉપર ધસ્યો. તેના હાથ કપાઇ ગયા ત્યારે તેણે ભુવડની છાતીમાં એક લાત મારી તેને મૂર્ચ્છિત કર્યો. એટલામાં ભુવડના બે મલ્લોએ આવી પછવાડેથી તરવાર મારી તેનું માથું ઉડાવી નાંખ્યું. પછી ત્રણ દિવસ સુધી એકલું ધડ ઝુઝ્યું અને આખરે પડ્યું. ભુવડ મૂર્ચ્છામાંથી ઉઠ્યો ત્યારે તેણે જયશિખરીનાં વખાણ કર્યાં અને બોલ્યો કે, "એ ક્ષત્રિય

પુત્ર, તારાં માબાપને ધન્ય છે ! તું બહુ પરાક્રમી દેવનો અંશ છે. તારા મોતની જગ્યાએ હું ગુર્જરેશ્વર મહાદેવનું દહેરૂં બંધાવીશ." એમ કહી જયશિખરીના શબને વારંવાર પ્રણામ કરી તે નગરમાં પેઠો. શહેરમાં ઘમસાણ મચી રહ્યું. પાંચસેં દાસીઓ હાથમાં તરવારો લઈને લશ્કર ઉપર તુટી પડી. તેમણે ગામની બહાર ચાર ગાઉ સુધી લશ્કરને પાછું હાંકી કાઢયું, અને જયશિખરીની લાસને તે લઈ આવી. પછી ચિતા ખડકી જયશિખરીની બીજી ચાર રાણીઓ તેની સાથે બળી મરીને સતી થઈ, તેમ બીજી હજારો સ્ત્રીઓ બળી મરી. ગામ-લોક પણ મરતા હતા, પરંતુ ભુવડ પાછો ફોજ લઈ ગામમાં આવ્યો અને લોકને બળતા અટકાવ્યા. ગોરના છોકરાને હાથે જયશિખરીનું શ્રાદ્ધ કરાવ્યું, અને તેને જ્યાં બાળ્યો ત્યાં ગુર્જરેશ્વર મહાદેવનું દેવાલય બંધાવ્યું. પછી ભુવડ ગુજરાતમાં પોતાના સરદારને મૂકીને પોતાને દેશ પાછો ગયો.

૯. રાણી રૂપસુંદરી.

રૂપસુંદરીને સુરપાળ વનમાં મૂકી ગયા પછી ત્યાં એક ભીલડી આવી ચઢી. તેણે જોયું કે આ કોઇ મોટું માણસ છે. તેથી તેણે તેને કહ્યું કે "બહેન, આ વનમાં મારા ભેગાં તમે સુખેથી રહો. વનમાંથી ફળફૂલ કંદમૂળ તમારે માટે હું આણી આપીશ. અહીં કોઈ જાતનો ભય નથી." આ ઉપરથી રૂપ-સુંદરી ત્યાં રહી. પછી તેને સંવત ૭૫૨ ના વૈશાખ સુદ ૧૫ ને દિવસે સૂર્યોદય વેળાએ જગતનો સૂર્ય ઉગ્યો હોય તેવા પુત્રનો જન્મ થયો. તે દિવસે આકાશ નિર્મળ થયું અને સારા શુકન જણાવા લાગ્યા તેથી લોકોએ જાણ્યું કે કોઈ પ્રતાપી પુરુષનો જન્મ થયો છે. એક દિવસ રૂપસુંદરી ઝાડની ડાળીએ ઝોળી બાંધીને પુત્રને ઝોલા ખવડાવતી હતી, તે વખત

શીલગુણસુરી નામે એક યતિ ત્યાં આવી ચડ્યા. ઇંદ્રાણી જેવી રૂપસુંદરી જોઇને તેમને લાગ્યું કે આ કોઈ સાધારણ માણસ નથી; તે ઉપરથી બધી ખબર પૂછતાં માલમ પડયું કે ગુજરાતના મહારાજ જયશિખરીની એ રાણી છે, અને આ તેનો પુત્ર છે. પછી યતિ તેને પોતાને અપાસરે લઈ ગયા. ત્યાં જઈ જયશિખરી મરાયાની તેને ખબર કરી અને દિલાસો આપી તેને શાંત કરી તથા પુત્રને ઉછેરીને મોટો કરવાનો ઉપદેશ આપ્યો.

૧૦. શૂરો સુરપાળ.

સુરપાળ યુદ્ધકળામાં નિપુણ અને બહાદુર હતો. જ્યારે ભુવડે ગુજરાત ઉપર પહેલ વહેલું લશ્કર મોકલ્યું ત્યારે જયશિખરીના હુકમની વાટ જોયા વગરજ એ સામો હુમલો લઈ ગયો હતો; અને ભુવડના લશ્કરને એણે ઘેરી લીધું હતું. તેમાં ભુવડના સરદારોને તેણે હરાવ્યા હતા. એક સરદાર નાશી છૂટ્યો હતો તે ભુવડને જઇને મળ્યો હતો. બીજી વખતની લડાઈમાં એને ફોડવાને ભુવડે બહુ પ્રયત્ન કર્યા હતા, પણ તે એકનિષ્ઠાથી જયશિખરીના પક્ષમાં રહી ઠેઠ સુધી લડ્યો હતો.

પોતાની બહેનને વનમાં મૂકી સુરપાળ પાછો ફર્યો ત્યારે જયશિખરી મરાયાની એને ખબર મળી. તે ઉપરથી રણમાં લઢી પ્રાણત્યાગ કરવાનો એણે નિશ્ચય કર્યો હતો; પરંતુ પછી પોતાની બહેનનો અને ભાણેજ થાય તો તેનો બેલી કોણ, એ વિચારથી તે જંગલમાં ભરાઈ રહી ભુવડના રાજ્ય સામે બહારવટું કરવા લાગ્યો. રૂપસુંદરીને પુત્ર આવ્યાની એને ખબર મળી ત્યારે તે તેને જઈ મળ્યો, ને વારંવાર તેની ખબર લેવા લાગ્યો તથા ભાણેજને ઉછેરવામાં મદદ કરવા લાગ્યો.

૧૧. વનરાજ.

એનો જન્મ વનમાં થએલો હોવાથી એનું નામ વનરાજ પડયું. વનરાજ એટલે વનનો રાજા–સિંહ. જ્યારે બહારવટાનાં સંકટો વેઠી શકે એવી ઉમ્મરનો એ થયો ત્યારે એનો મામો સુરપાળ એને પોતાની સાથે જંગલમાં તેડી ગયો. એ મૂળથીજ તેજસ્વી હતો, અને એનામાં રાજતેજ ઝળકતું હતું તેથી એને ઘણા સોબતીઓ આવી મળ્યા. એના મામા સુરપાળે એને યુદ્ધ કળાની કેળવણી આપી; અને ગુરૂ શીલગુણસુરી પાસે સર્વ વિદ્યા શિખ્યો હતો, તેથી તે બધી વાતમાં બહુ પ્રવીણ બન્યો હતો. ચાંપો નામે એક બહાદુર વાણીઓ એનો સોબતી થયો હતો અને અણહીલ નામે ભરવાડ રસ્તા બતાવવામાં એને મદદગાર થઈ પડ્યો હતો. ગુજરાતનું રાજ્ય લેવાની હોંસ એને દિવસે દિવસે વધતી ગઈ. અત્યારથીજ જાણે મોટો મહારાજા હોય તેમ પોતાના સોબતીઓને તે મોટી મોટી પદવીઓ આપવા લાગ્યો અને રાજ્ય ચિહ્ન ધારણ કરવા લાગ્યો, તેથી એના સોબતીઓની એના ઉપર આસ્થા વધતી ગઈ. એવામાં એના મામા સુરપાળનું મરણ થયું, પણ એને લાયક મિત્રો આવી મળ્યા હતા તેથી એ ખોટ એને જણાઈ નહિ.

ભુવડે ગુજરાતની ઉપજ પોતાની દીકરી માનળદેવીને આપી હતી અને તેના વતી કારભાર કરવા એક ચાવડા સરદારને નીમ્યો હતો, એવી મતલબથી કે ગુજરાતના ચાવડાઓ તોફાન કરીને પજવે નહિ; પરંતુ એની એ મતલબ સરી નહિ. એક વખત ભુવડનાં માણસો ગુજરાતમાંથી પુષ્કળ દ્રવ્ય અને સોરઠના જાતવાન ઘોડા લઈને જતાં હતાં, તેમના ઉપર વનરાજે એકદમ હલ્લો કર્યો અને બધું પડાવી લીધું. આથી ભુવડ સાથે વેર તાજું થયું અને તેથી બચવાને એક વર્ષ સુધી તેને જંગલમાં સંતાઈ રહેવું પડયું. પણ ત્યાં રહીનેજ લશ્કર ભેગું કરી તેણે ગુજરાતનું રાજ્ય પાછું જીતી લીધું.

૧૨. વનરાજ. (ચાલુ)

વનરાજને પોતાની સત્તા પૂર્ણ જામ્યા પછી રાજધાનીનું શહેર વસાવવાની ઇચ્છા થઈ. પોતાના જંગલના મિત્ર અણહીલ ભરવાડને લઇને તે જગ્યા જોવા નીકળ્યો. સરસ્વતીને કિનારે એક મેદાનમાં અણહીલની સલાહ લઇને પાટણ નામે નવું નગર વસાવી ત્યાં તેણે પોતાની રાજધાની કરી. ઇ. સ. ૭૪૬–સંવત ૮૦૨ના ચૈત્ર સુદ ૨ ને દિવસે તેમાં પ્રથમ ગણપતિનું દહેરૂં બંધાવી તેમાં ગણપતિની સ્થાપના કરી, અને પોતાનો રાજ્યાભિષેક કરી રાજગાદી સ્થાપી. રાજ્યાભિષેક થયો ત્યારે તેણે શ્રીદેવી નામની વાણીયણ જેને પહેલાં બહેન કહીને બોલાવી હતી, તેની પાસે રાજ્યતિલક કરાવ્યું; અને ચાંપાને પ્રધાન નીમ્યો, તેમજ પોતાની



વનરાજ–(પાટણમાંની મૂર્તિ ઉપરથી).

વૃદ્ધ માતા અને ગુરૂ શીલગુણસુરીને પણ પંચાસરથી પાટણ લાવીને રાખ્યાં. પંચાસરમાં જે મૂત્તિની તે પૂજા કરતા તે ત્યાં પધરાવી, જે હજુ પણ પંચાસરા પારસનાથ કહેવાય છે. એ દહેરામાં વનરાજે પોતાની પણ એક મૂર્ત્તિ કરાવીને પ્રદક્ષિણા ફરવાની જગ્યામાં બેસાડેલી છે. વનરાજ ૫૦ વરસની ઉમ્મરે ગાદીએ બેઠો હતો અને ૬૦ વરસ રાજ્ય કરી ૧૧૦ વરસનું લાંબુ આયુષ્ય ભોગવી મરણ પામ્યો હતો.

વનરાજ પછી ચાવડા વંશમાં યોગરાજ, ક્ષેમરાજ, ભુવડ, વૈરીસિંહ, રત્નાદિત્ય અને સામન્તસિંહ એટલા રાજાઓ થઈ ગયા છે. યોગરાજ સદ્ગુણી અને શૂરવીર હતો, પણ છેલ્લો રાજા સામન્તસિંહ દારૂડીઓ અને અનીતિમાન હતો, તેથી તેના ભાણેજ મૂળરાજે તેને મારી નાખી તેનું રાજ્ય ખુંચી લીધું.

૧૩. ચાંપો વાણીઓ.

વનરાજ એક દિવસ જમવા બેઠો ત્યારે ઘરમાં ઘી ન હોવાથી તેની માએ લુખું ખાવાનું પીરસ્યું. વનરાજે ઘી માગ્યું ત્યારે માએ કહ્યું કે લાવી આપે તો મૂકું. તે ઉપરથી વનરાજ ભાણા ઉપરથી જમ્યા વગર ઉઠી ગયો, અને પોતાના બે સોબતીઓ સાથે કોઇ વેપારીને લૂટવા જંગલમાં ગયો. ત્યાં જંબુશેઠ અથવા ચાંપો નામે એક વેપારી ઘીનું કુલ્લું લઈને આવતો હતો તેને તેમણે રોકયો. એ વાણીઓ પણ ધનુર્વિદ્યામાં કુશળ હતો તેથી કંઈ એકદમ ચોરને માલ આપી દે એવો નહોતો. પોતાને ચોરોએ રોકયો જાણી તેણે ગુસ્સો કરીને પોતાની પાસે પાંચ તીર હતાં તેમાંના બે ભાંગી નાખ્યાં અને કામઠું ચઢાવીને સામો ઉભો. વનરાજે તેને બે તીર ભાંગી નાખવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે, તમે ત્રણ જણ છો

એટલે પાંચ તીરની જરૂર નથી; એક એક તીરથી એક એક જણને મારીશ, તેથી ત્રણ તીર બસ છે, માટેજ બે તીર ભાંગી નાખ્યાં છે. પછી તે વાણીઆએ વનરાજને પૂછયું કે, તમે કોણ છો ? એટલે વનરાજે કહ્યું કે હું મહારાજા જયશિખરીનો પુત્ર, ગુજરાતનું રાજ્ય પાછું મેળવવાની કામનાવાળો છું. વાણીઆએ કહ્યું કે મારા જેવો તમારી પાસે કોઈ વાણીઓ પ્રધાન નથી, નહિ તો આટલે ક્યારનુંએ રાજ્ય મેળવ્યું હોત. પછી વનરાજે તેને તેની નિશાન તાકવાની કળા બતાવવા કહ્યું, જે તેણે બતાવી તે જોઇને વનરાજે બહુ પ્રસન્ન થઈ તેને મિત્ર કહીને બોલાવી પોતાની પાસે રાખ્યો, અને વચન આપ્યું કે "હું રાજા થઈશ ત્યારે તને મુખ્ય પ્રધાન બનાવીશ." તે પ્રમાણે રાજ્ય પ્રાપ્ત કર્યા પછી તેણે તેને પ્રધાન બનાવ્યો હતો. એ ચાંપાએ પાછળથી પાવાગઢની તળેટીમાં ચાંપાનેર વસાવ્યું હતું.

ભાગ ૪ થો—સોલંકી વંશ.

૧૪. સોલંકી વંશની સ્થાપના.

એવી વાત કહેવાય છે કે રાજ તથા બીજ નામે કલ્યાણીના રાજા ભુવનાદિત્યના છોકરાઓ તીર્થયાત્રા કરવા સાધુને વેશે નીકળ્યા હતા, તે ફરતા ફરતા પાટણને પાદરે આવીને ઉતર્યા. ત્યાં પાટણના રાજા સામંતસિંહનો ખાસદાર ઘોડીને પાણી પાવા લાવ્યો હશે, તે ઘોડી રાજ તથા બીજનો સાધુના જેવો વેશ જોઈને ચમકી, તેથી ખાસદારે તેને ચાબુક મારી. ઘોડી સગર્ભા હતી તેથી બીજ જે અશ્વવિદ્યામાં કુશળ હતો

તેણે ખાસદારને કહ્યું કે, "ભલા આદમી! અમસ્થી ઘોડીને શું કરવા મારી! એના પેટમાં પંચકલ્યાણી વછેરો છે, તેની ડાબી આંખ ચાબુક મારીને વિના કારણ ફોડી નાખી." આ વાત ખાસદારે જઈને સામંતસિંહને કહી એટલે તેને લાગ્યું કે એ કોઈ મહાત્મા હશે. આ ઉપરથી તે બીજ પાસે આવ્યો, ને તેને કહ્યું કે જો તમારૂં કહેવું ખરૂં પડશે તો મારૂં અર્ધું રાજ્ય તમને આપીશ, ને જો ખરૂં નહિ પડે તો તમારૂં સર્વસ્વ લૂટી લઈશ. પછી પંદર દિવસ સુધી રાજ તથા બીજ ત્યાં રહ્યા એટલે ઘોડીને વછેરો અવતર્યો તે બરાબર બીજના કહેવા પ્રમાણે પંચકલ્યાણી તથા ડાબી આંખે કાણો હતો. આથી સામંતસિંહે પોતાની બહેન લીલાદેવીને તેને પરણાવવાનું કહ્યું; પણ બીજ એક આંખે કાણો હતો તેથી તેણે પોતાના ભાઈ રાજ સાથે પરણાવવા કહ્યું. તે પ્રમાણે સામંતસિંહે રાજ સાથે લીલાદેવીનાં લગ્ન કર્યાં. પછી ત્યાં એક વર્ષ તેઓ રહ્યા. તે દરમિઆન લીલાદેવીને પુત્ર અવતર્યો. તે મૂળ નક્ષત્રમાં અવતર્યો માટે તેનું નામ મૂળરાજ પાડયું. ત્યાંથી પછી તેઓ કચ્છ ગયા. ત્યાં કેટલોક વખત રહ્યા પછી કચ્છના રાજા લાખા ફુલાણી સાથે કંઈ ટંટો થયો તેથી લાખાએ રાજને મારી નાખ્યો. આમ થવાથી તેઓ પાછા પાટણ આવ્યા. તે વખતે મૂળરાજ મોટો થએલો હતો, તેથી બીજે તેને કહ્યું કે, "તારા બાપને તારા મામાએ અર્ધું રાજ્ય આપવાનું કહ્યું છે તે માગી લે." તે પ્રમાણે તેણે માગ્યું એટલે સામંતસિંહે કહ્યું કે, "મેં લીંબુઉછાળ રાજ્ય આપવાનું કહ્યું છે તે પ્રમાણે આપું. મૂળરાજે તે કબુલ કર્યું એટલે રોજ લીંબુ ઉછાળે ને તે નીચે પડે એટલી વાર તે રાજ્ય કરવા લાગ્યો. એટલા વખતમાં તે સરદારોને રોજ મોટી મોટી બક્ષીસો આપવા લાગ્યો તેથી

બધા સરદારો એના ઉપર રાજી થઈ ગયા. પછી એના કાકાએ એક યુક્તિ બતાવી તે પ્રમાણે તેણે ગરજણો * પાળી. તેમને તે માંસના કટકા નાખતો એટલે એની આસપાસ ભમ્યા કરતી. એક દિવસ એ લોહીવાળું કરીને લીંબુ લઈ ગયો અને ગાદીએ બેઠા પછી તે ઉછાળ્યું એટલે ગરજણો તે લઈને ઉડી ગઈ, ને તેથી તે ગાદીપરથી ઉઠયો નહિ. પછી તેના મામાએ જ્યારે તેને ઉઠવાનું કહ્યું ત્યારે તે સામો થયો ને બોલ્યો કે લીંબુ ભોંયપર પડેલું બતાવો તો ઉઠું. આથી મારંમારા થઈ તેમાં બધા સરદારો મૂળરાજના પક્ષમાં થઈ ગયા. પછી મામાને મારી તે ગાદીપર ચઢી બેઠો, અને કોઈ ગાદીનો દાવો કરે નહિ માટે મોસાળ પક્ષનાં બીજાં બધાં સગાંને મારી નાખ્યાં.

૧૫. મૂળરાજ.

મોસાળ પક્ષના નાશ કર્યાના પાપનું પ્રાયશ્ચિત કરવા તેણે પાછળથી ઘણાં દાન ધર્મ કર્યાં. ઉત્તરમાંથી વિદ્વાનો અને પવિત્ર બ્રાહ્મણોને બોલાવી તેમને ઘણાં દાન આપ્યાં. આ બ્રાહ્મણોને વસવાને સિદ્ધપુર, સિહોર, તથા ખંભાત ગામ આપ્યાં. ઉત્તરમાંથી આવેલા આ બ્રાહ્મણો ઔદિચ્ય કહેવાયા.

તે ગાદીએ બેઠા પછી પાડોશના રાજાઓએ તેનું રાજ્ય પડાવી લેવાનો વિચાર કર્યો. ઉત્તરેથી અજમેરનો રાજા મોટું લશ્કર લઈ ગુજરાત ઉપર ચઢી આવ્યો, અને એ વખતેજ તેના ઉપર દક્ષિણના તેલંગણના રાજાએ સેનાપતિ બારપને લશ્કર લઈ મોકલ્યો.

મૂળરાજ સાંઢણીપર બેસી અજમેરના રાજાની છાવણીમાં પેસી એકદમ તેના તંબુમાં દાખલ થઈ ગયો, અને સંકેત પ્રમાણે

---

* એક જાતનું પક્ષી; ગીધ.

તેના સામંતોએ આવી ચાર હજાર ઘોડેસવાર સાથે તંબુને ઘેરી લીધો. આ જોઈને અજમેરનો રાજા ગભરાઈને નાશી ગયો. તે પછી મૂળરાજ પોતાના સામંતો સાથે બારપના લશ્કર ઉપર તૂટી પડ્યો, અને તેનો પરાજય કર્યો.

એમ કહેવાય છે કે એક વખત સોમનાથ મહાદેવે મૂળરાજને સ્વપ્નામાં કહ્યું કે, "સોરઠનો રાજા ગ્રાહરિપુ મારી જાત્રાએ આવનારાઓને રાક્ષસોની પેઠે ત્રાસ આપે છે, માટે તેનો નાશ કર. હું તને સહાય થઈશ." આ સ્વપ્નાની વાત મૂળરાજે પોતાના પ્રધાનોને કહી ને તેમની સલાહ પૂછી. તેમણે પણ કહ્યું કે, "ગ્રાહરિપુ મદાંધ થઈને અધર્મથી વર્તે છે ને ધર્મનો નાશ કરે છે માટે તેને સજા કરવી." આ ઉપરથી મૂળરાજ લશ્કર લઈ ચઢ્યો ને તેને હરાવ્યો.

ગ્રાહરિપુ તથા લાખાનો પરાજય કર્યો પછી મૂળરાજની સત્તા બરાબર જામી. ઘણા રાજાઓ તેને નમતા આવ્યા. લાટ દેશના રાજાએ એક હાથીની ભેટ મોકલી હતી. મૂળરાજે પોતના કુંવર ચામુંડને પૂછ્યું કે આ હાથી કેવી જાતનો છે? ચામુંડ હાથી પારખવાની વિદ્યામાં કુશળ હતો તેથી તેણે કહ્યું કે, "આ હાથી બહુ અપશુકનીઆળ છે. જેની પાસે એ હોય તેનો એ નાશ કરે." આ ઉપરથી મૂળરાજ લાટ દેશના રાજા ઉપર ક્રોધે ભરાયો ને પોતાના કુંવર ચામુંડ સાથે તેણે તેના ઉપર ચઢાઈ કરી. ચામુંડે લડાઈમાં લાટ દેશના રાજાને માર્યો, અને જીત કરી સ્વારી પાછી ફરી. પાછા આવતાં આબુ ઉપર અચળગઢના રાજાને પણ તેણે નમાવ્યો.

---

૧૬. રુદ્રમાળ.



પોતે કરેલાં પાપથી મુક્ત થવાને માટે એકાદ પવિત્ર સ્થળે બેસીને પાછલી અવસ્થામાં ઈશ્વરની ભક્તિ કરવાને માટે મૂળરાજે સિદ્ધપુરમાં સરસ્વતી નદીના કિનારા ઉપર મહાદેવનું જે બહુ મોટું દેવાલય બંધાવ્યું તેને રુદ્રમાળ અથવા રુદ્ર-

મહાલય કહે છે. રુદ્ર એટલે મહાદેવ અને મહાલય એટલે મોટું દેવળ. એ જ્યારે બંધાવ્યું ત્યારે તદ્દન પત્થરનું, ઉંચી કારીગીરીવાળું, સાત માળનું હતું. તેનો સભામંડપ અષ્ટકોણાકાર ચોકવાળો હતો, ને તેમાં રહેલા સ્તંભ કોતરણી કામના નમુના હતા. ગભારામાં રહેલી મૂર્ત્તિના ઉપર શિખરબંધી હતી. તેના ઉપર બહુ ઉંચે ધ્વજા ફરકતી હતી. હજારો બ્રાહ્મણો એમાં નિરંતર પાઠપૂજા કરતા અને રોજ બ્રહ્મભોજન થયા કરતાં. અહીંઆં ઇ. સ. ૯૯૭ માં મરણ પામ્યો ત્યાં સુધી મૂળરાજ પ્રભુ ભજનમાં મગ્ન રહેતો. હાલમાં ફક્ત નિશાની તરીકે બેચાર થાંભલા અને બેક કમાન ઉભાં રહેલાં છે; તે પણ તેના મોટા કદથી રુદ્રમાળની અસલ મોટાઇની સાક્ષી પૂરે છે. કાળની શી ગતિ છે! કાળના ઝપાટા આગળ એક ભવ્ય ઇમારત પણ ખંડેર થઇ ગઇ છે!

૧૭. ચામુંડરાજ વગેરે.

મૂળરાજના મરણ પછી તેનો પુત્ર ચામુંડ ગાદીએ બેઠો. તે પરાક્રમી અને શૂરવીર પણ બહુ દુરાચારી હતો, તેથી તેની બહેને તેને ગાદી ઉપરથી ઉઠાડી મૂકી તેના પુત્ર વલ્લભસેનને ગાદીએ બેસાડ્યો. એને વલ્લભસેન, દુર્લભસેન અને નાગરાજ એવા ત્રણ દીકરા હતા. વલ્લભસેન શીતળાના રોગથી મરણ પામ્યો, તે પછી દુર્લભસેનને રાજ્ય મળ્યું.

દુર્લભરાજે રાજ્ય સારી રીતે ચલાવ્યું. તેણે ઘણા દુશ્મનોને જીત્યા, દહેરાં બંધાવ્યાં, અને ઘણાં ધર્મનાં કામ કર્યાં.

દુર્લભરાજને પુત્ર નહોતો. તેના ભાઈ નાગરાજને પણ મોટી ઉમ્મરે એક પુત્ર થયો. આથી તેણે આખા શહેરમાં

મોટો ઉત્સવ કરાવ્યો. એ પુત્રનું નામ **ભીમ** પાડયું. **ભીમ** મોટો થયા પછી **દુર્લભરાજ** તથા **નાગરાજ** બંને ભાઈઓ તેને રાજપાટ સોંપી આત્માના કલ્યાણને માટે એક તીર્થમાં જઈને રહ્યા.

૧૮. ભીમદેવ. (પહેલો.)

ભીમ મનનો ઉદાર, શૂરવીર, નીતિમાન અને રાજ્ય ચલાવવામાં હોશિયાર હતો. એના કાકાએ તથા બાપે એને રાજ્ય આપવા માંડયું તોપણ વિવેકથી એણે તે લેવાની ના કહી, અને જ્યારે તેમનો ઘણો આગ્રહ જોયો ત્યારે તે લીધું અને સારી રીતે ચલાવ્યું. **માળવાના** રાજા **ભોજ** સાથે એને અણબનાવ ચાલતો હતો. **સિંધ** દેશના રાજા ઉપર સ્વારી કરીને એણે હરાવ્યો હતો; તથા **ચેદી** અથવા **બુંદેલખંડના** રાજાને તેણે જીત્યો હતો. એના મંત્રી **વિમળશાહે આબુના** રાજા **ઢુંઢુરાજને** હરાવી **આબુ** ઉપરનું એક શિખર મેળવ્યું હતું. **ભીમના** વખતમાં **ગીઝનીનો** સુલતાન **મહંમદ કાઠીઆવાડમાં** આવેલા **સોમનાથ** મહાદેવનું પ્રખ્યાત દેવળ તોડવા અને લૂટવા ચઢી આવ્યો હતો, તેની સાથે એણે ભારે લડાઈ કરી હતી. **અજમેરના ચોહાણ** રાજા **વિસળદેવ** સાથે પણ **ભીમને** લડાઈ થઈ હતી.


૧૯. સોમનાથ મહાદેવ.

હિંદુસ્તાનમાં બાર મોટાં જ્યોતિર્લિંગ ગણાય છે તેમાં **સોમનાથનું** પણ એક છે. **કાઠિઆવાડની** દક્ષિણે **નાઘેરનો** લીલોછમ સુંદર પ્રદેશ છે તેમાં **વેરાવળનું** નાનું બંદર છે. તેની પડોશમાં **પ્રભાસપાટણ** નામનું જુનું શહેર છે. આ શહેરમાં

સોમનાથ મહાદેવનું મોટું દેવળ છે. એ દેવળનો ઘણો ભાગ હાલ તો ખંડેર થઈ ગએલો છે, અને તેના પત્થરના કકડા ઘણા ગાઉ સુધી વેરાયલા પડયા છે; પણ મુસલમાનો આવ્યા ત્યારે તેનો દબદબો કંઈ ઓર પ્રકારનોજ હતો. એ દેવળ સમુદ્ર કિનારે હોવાથી દરીઆની છોળો એના પાછલા ભાગ ઉપર અથડાયા કરતી હતી. દેવળનું ઉંચું શિખર આકાશમાં ડોકીયાં કરતું હતું, અને તેના ઉપર સોનાના કળશ ઝગઝગાટ કરી રહ્યા હતા, તથા ભગવી ધજા આકાશમાં ફરકી રહી હતી. દેવળની અંદર ૫૬ થાંભલા સીસાથી જડી લીધેલા હતા. દેવળનો મૂત્તિવાળો ગભારાનો ભાગ અંધારા ઓરડામાં હતો પણ તેમાં રત્નજડિત ઝુમ્મરો લટકાવેલાં હતાં, તેમાં જ્યારે દીવા સળગતા ત્યારે આખો ઓરડો ઝળાંઝળાં થઈ રહેતો. મહાદેવની મૂત્તિ ત્રણ હાથના ઘેરાવાની પાંચ હાથ ઉંચી હતી, અને તેના ઉપર સોનાની જળાધારીમાંથી પાણી ટપકયાં કરતું હતું. એ મૂત્તિ બે હાથ તો જમીનની અંદર દાટેલી હતી. મૂત્તિની પાસેના મોટા ઘંટને ૨૦૦ મણ સોનાની સાંકળ બાંધેલી હતી. એ સાંકળની સાથે બીજી નાની નાની ઘંટડીઓનો સંબંધ હતો, તેથી જ્યારે સાંકળ હલાવવામાં આવતી ત્યારે બધી ઘંટડીઓનો સામટો ઘોર થઈ રહેતો. કરોડો રૂપીઆ લોકો તરફથી અહીં ભેટમાં મળતા. કિમતીમાં કિમતી રત્નોનો સંગ્રહ આ દહેરાના ખજાનામાં હતો.

૨૦. ઢુંઢુરાજ તથા વિમળશાહ.

આબુ ઉપર અચલેશ્વર ગઢ છે ત્યાંના પરમાર રાજાઓએ ગુજરાતના રાજાઓનું ઉપરીપણું કબુલ કર્યું હતું. પણ ભીમના વખતમાં ત્યાં ઢુંઢુરાજ નામે રાજા થયો તે ગુજરાતના રાજાથી સ્વતંત્રપણે વર્તવા લાગ્યો, એટલુંજ નહિ પણ ભીમના દુશ્મન માળવાના રાજા ભોજ સાથે તેણે મિત્રતા બાંધી. આથી ભીમ ગુસ્સે થયો અને વિમળશાહ નામે પોતાના એક પ્રધાનને સેનાપતિ નીમી આબુ ઉપર ચઢાઈ કરવા મોકલ્યો. વિમળશાહે ઢુંઢુરાજને



દેલવાડાના એક દહેરાનો અંદરનો ભાગ.

જીતીને તાબે કર્યો અને તેની પાસેથી આબુ ઉપરનું ચિત્રકૂટનું શિખર દહેરાં બંધાવવા માગી લીધું. એ શિખરપર તેણે ઉત્તમ કારીગીરીવાળાં ઘણાં સુંદર જૈન દહેરાં બંધાવ્યાં, જે દેલવાડાના નામે આજે પણ પ્રખ્યાત છે. વિમળશાહે કુંભારીયામાં પણ બીજાં સુંદર દહેરાં બંધાવ્યાં છે.

૨૧. મૂળરાજ કુમાર.

ભીમદેવને ક્ષેમરાજ, કરણ ને મૂળરાજ એ ત્રણ કુમાર હતા. તેમાં મૂળરાજ ઘોડે બેસવામાં બહુ હોશિયાર અને દયાળુ સ્વભાવનો હતો. એક વખત ગુજરાતમાં વરસાદ પડ્યો નહિ તેથી કશું અનાજ પાકયું નહિ. આથી કેટલાંક ગામના ખેડુતોએ રાજાની વસુલાત ભરવાની ના પાડી. આ ઉપરથી રાજાનો મહેતો તેમના ઘરનો સરસામાન જપ્ત કરી ખેડુતોને સાથે લઈને દરબારમાં લાવ્યો. ખેડુતોને જ્યાં બેસાડ્યા હતા ત્યાં તેઓ આંખમાં આંસુ લાવી માંહોમાંહે દુઃખની વાતો કરતા હતા. મૂળરાજ ફરતો ફરતો ત્યાં આવ્યો. તેણે ખેડુતોને પૂછી તેમની હકીકત જાણી તો તેની આંખમાં પણ પાણી ભરાઈ આવ્યું. પછી ઘેર જઈ પોતાના બાપને બહુ સારી રીતે ઘોડો ખેલાવી બતાવી રાજી કર્યા; અને જ્યારે બાપે કહ્યું કે, ‘જે જોઈએ તે માગ’, ત્યારે તેણે કહ્યું કે, ‘આ ખેડુતોની જે માલમતા ખુંચી આણી છે તે તેમને પાછી આપી દો અને તેમને છોડી મૂકો. એ બિચારી આપણી રૈયતને શા માટે દુઃખ દો છો ?’ પુત્રની આવી દયાળુ વૃત્તિ જાણી ભીમની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં, અને ખેડુતોને તેમની માલમિલ્કત પાછી આપી છોડી મૂક્યા. આથી ખેડુતો રાજી થતા થતા કુમારનાં વખાણ કરતા ઘેર ગયા અને કેટલાક તો રાજાની નોકરીમાં રહી ગયા. ત્યાર પછી થોડા વખતમાં મૂળરાજ મરણ પામ્યો. આથી આખી પ્રજામાં બહુ દીલગીરી ફેલાઈ રહી. બીજે વરસે વરસાદ વધારે થયો અને દેશમાં પુષ્કળ અનાજ પાકયું ત્યારે ખેડુતો પાછલા વરસની પણ વસુલાત લઈને દરબારમાં ભરવા આવ્યા; પણ પોતાના કુંવરે દાણ માફ કરાવેલી હોવાથી રાજાએ

લેવાની ના પાડી, પરંતુ ખેડુતોએ કહ્યું કે અમે તો આપ્યા વગર નહિ જઈએ. તે વખતના ખેડુતો પણ કેવા કદરદાન અને રાજ્યભક્ત ! છેવટે રાજાએ પંચ મારફતે તેનો નિકાલ કરાવ્યો. તેમાં એવો ઠરાવ થયો કે રાજાએ બધા પૈસા લેવા અને તેનાવડે મૂળરાજ કુમારના પુણ્ય અર્થે તેના નામનું ત્રિપુરુષ પ્રાસાદ નામનું દેવાલય બંધાવવું. એ પ્રમાણે તે રકમમાંથી દેવાલય બંધાવી તેના નિભાવને માટે રાજાએ કેટલીક ઉપજ કાઢી આપી.

૨૨. કરણરાજ.

રાજા ભીમદેવને કરણ નામે પુત્ર હતો. તે ભીમ પછી ગાદીએ બેઠો. કરણની માતાએ અણહીલવાડમાં એક મોટી પત્થરની વાવ બંધાવી હતી તે હજુ પણ રાણીની વાવ કહેવાય છે; તે ખંડેર હાલતમાં છતાં હજુ જોવા લાયક છે. કરણનું રાજ્ય શાંતિમાં પસાર થયું છે. એના વખતમાં કોઈ મોટી લડાઈઓ થઈ નથી, પણ એણે મહેવાસી લૂટારા લોકોને વશ કરી દેશમાં શાંતિ વધારી હતી. એ વખતે ગુજરાતમાં ઝાઝી વસ્તી નહોતી; ઘણો ભાગ જંગલવાળો અને ઉજ્જડ હતો. જંગલમાં કોળી, ભીલ વગેરે જબરા લૂટારા રહેતા હતા. ધંધુકાનો કોળી રાજા અને અમદાવાદ પાસે હાલ અસાવળા ગામ છે, ત્યાંનો આશો ભીલ એ બન્ને લૂટારાના સરદાર હતા અને વસ્તીને ત્રાસ આપતા. કરણે તેમના ઉપર ચઢાઈઓ કરી તેમને હરાવ્યા. આશાવળ આગળ કરણને સારા શુકન થયા તેથી તેણે ત્યાં કોચરબ માતા અને જયવંતી દેવીનાં દહેરાં બંધાવ્યાં, તથા કરણાવતી નામે નગર વસાવી પોતે ત્યાં રહેવાનું કર્યું. કરણાવતી વસાવવાની બાબતમાં કહે છે કે, કરણ

રાજા નગર વસાવવાની જગ્યા જોવા નીકળ્યો, ત્યારે તેનો જે શિકારી કુતરો હતો તેની પાછળ સસલાં પડ્યાં, ને તેથી કુતરો નદીમાં પડીને નાઠો. રાજાએ સસલા ઉપર પોતાની તરવાર મારી તે પાણીમાં વાગી જેથી તેનું પાનું ઓગળી ગયું. તે ઉપરથી ભોમીયાએ કહ્યું કે આ જગ્યાનું પાણી એવું છે કે લોઢું પણ હજમ થઈ જાય, અને જગ્યા એવી બળવાન છે કે સસલાં કુતરાને હંફાવે. આ ઉપરથી કરણે ત્યાં શહેર વસાવ્યું ને તેનું નામ કરણાવતી પાડયું. આ ઉપરાંત કરણે કરણસાગર નામે તળાવ બંધાવ્યું હતું.

૨૩. મીનલદેવી.

રાજા કરણ એક વખત સભા ભરીને બેઠો હતો તે વખતે એક પરદેશી ચિતારો દરબારમાં આવ્યો. તેણે રાજાના મોં આગળ અનેક સ્ત્રીપુરુષોની સુંદર છબીઓ મૂકી. તેમાં એક છબી બહુજ સુંદર હતી તે જોઈને રાજા ઘણો ખુશી થયો અને ચિતારાને પૂછવા લાગ્યો કે આ કયા દેશની રાજકન્યા છે. ચિતારાએ કહ્યું કે, "દક્ષિણ દેશમાં ચંદ્રપુર નામે નગર છે, ત્યાંના રાજા જયકેશીની એ કન્યા છે. એના રૂપ આગળ દેવકન્યાઓ પણ કંઈ હિસાબમાં નથી. ઘણા ઘણા રાજકુમારો એને વરવા આવે છે, પણ એ કોઈને પસંદ કરતી નથી. છેવટે ચિતારાઓ પાસે દેશ દેશના રાજાઓનાં ચિત્ર એની આગળ કાઢી બતાવ્યાં, તેમાં તેણે તમારી છબી જોઈને તમને પસંદ કર્યા છે, અને તમનેજ પરણવાનું પણ લઈને બેઠી છે. તેનાં માતપિતા પણ તમારી સાથે તેનાં લગ્ન કરવાને ખુશી છે; માટે તમે તેનું પાણિગ્રહણ કરો." રાજાએ એ વાત કબુલ કરી તેથી મયણલ્લદેવીને અણહીલપુર લાવવામાં આવી, ને ત્યાં કરણે તેની સાથે લગ્ન કર્યું. આ રાણીએ ગુજરાતને દીપાવનાર સિદ્ધરાજ કુમારને જન્મ આપ્યો હતો.

૨૪. સિદ્ધરાજ જયસિંહ.

રાજા કરણ મરણ પામ્યો ત્યારે સિદ્ધરાજ નાની ઉમ્મરનો હતો. તેથી રાજ્યનો સર્વ કારભાર તેની મા મયણલ્લદેવી અથવા મીનલદેવી ચલાવતી.

કરણના જીવતાં એક દિવસ રમતાં રમતાં સિદ્ધરાજ ગાદી ઉપર ચઢી બેઠો. કરણે જોષીઓને પૂછયું કે આ મુહૂર્ત કેવું છે ? જોષીઓએ 'આ મુહૂર્તમાં જે રાજા ગાદી ઉપર બેસે તે ચક્રવર્તી થાય એવું ઉત્તમ મુહૂર્ત છે' એમ કહ્યું, તે ઉપરથી કરણે તેજ વખતે સિદ્ધરાજનો રાજ્યાભિષેક કર્યો, અને પોતે તપ કરવા સરસ્વતીને કિનારે જઈને રહ્યો. સિદ્ધરાજ જ્યારે ગર્ભમાં હતો ત્યારે તેની મા મીનળદેવીને સમાણું આવ્યું કે જાણે તેના મોંમાં સિંહે પ્રવેશ કર્યો. તે ઉપરથી જ્યારે સિદ્ધરાજનો જન્મ થયો ત્યારે તેનું નામ જયસિંહ પાડયું.

સિદ્ધરાજ શૂરવીર અને સ્વભાવે ઉદાર તથા માયાળુ હતો, ધર્મ ઉપર એને ઘણી આસ્થા હતી, તેથી ઘણાં નવાણો તથા દેવાલયો એણે બંધાવ્યાં છે. રોજ છુપા વેશે લોક ચર્ચા જોવા તે નીકળતો ને ઘણાનાં દુઃખ ભાગતો. એ વિદ્યાનો શોખી હતો અને પોતાની સભામાં પંડિતોના વાદવિવાદ કરાવતો, તથા વિદ્વાનોને પુષ્કળ ઈનામો આપતો. સિદ્ધરાજ, જયસિંહ નામથી પ્રખ્યાત થએલો હતો. એણે વિજયયાત્રા કરીને ઘણા દેશો જીતી તાબે કર્યા હતા. દક્ષિણમાં રામેશ્વર સુધી પગે ચાલીને એણે જાત્રા કરી હતી. આબુની પેલીપાર ઝાલોદ અને પશ્ચિમમાં કચ્છ સુધી તેના રાજ્યનો વિસ્તાર હતો. સોરઠ અને માળવા તેના તાબામાં હતાં, અને દક્ષિણમાં કોલ્હાપુર સુધી તેની આણ વર્તાતી હતી. કનોજના રાજાઓ સાથે તેને લડાઈ

થઈ હતી અને તે વખત ગંગાનદીના જળમાં તેણે પોતાની લોહીથી ખરડાયલી તરવાર ધોઈ હતી. તેના રાજ્યની હદમાં તેણે કિલ્લાઓની હાર લગાડી દીધી હતી, અને તે કિલ્લાઓ સાધારણ નહિ પણ ઘણા મજબુત હતા. મોઢેરા, ઝીંઝુવાડા, ચાંપાનેર અને ડભોઈના કિલ્લાઓ ઉપર તેની ધજાઓ ફરકતી હતી. આબુ ઉપર અચલેશ્વરના કિલ્લેદારો તેના તાબામાં હતા. તે શરીરે પાતળો છતાં દેખાવડો ને ઘાટીલો હતો. કાંડા સુધી તેના હાથનાં મ્હોંચાં કાળાં હતાં. સિદ્ધરાજ નામનો સિંહ સંવત્સર ચાલુ થયો હતો તે ૧૫૦ વર્ષ ચાલ્યો હતો. ગુજરાતના રાજાઓમાં સિદ્ધરાજ સિંહ સમાન અને ગુજરાતના શણગારરૂપ હતો.

૨૫. મીનળદેવીનો કારભાર.

સિદ્ધરાજ લાયક ઉમ્મરનો થયો ત્યાં સુધી તેની મા મીનળદેવીએ રાજ્યના જુના પ્રધાનોની સલાહથી રાજકારભાર સારી રીતે ચલાવ્યો હતો. મીનળદેવીએ પોતાના કારભારના સમયમાં વીરમગામનું મીલનસર અથવા માનસર અને ધોળકાનું મલાવ તળાવ એ બે મોટાં તળાવો બંધાવ્યાં હતાં. મલાવ તળાવના સંબંધમાં એમ કહેવાય છે કે જે ઠેકાણે તળાવ બંધાવવાનું હતું તે ઠેકાણે તળાવના પૂર્વ ભાગમાં એક ગુણકાનું ઘર આવેલું હતું. તળાવનો સારો આકાર બનાવવામાં એ ઘર નડતું હતું; તેથી મીનળદેવીએ તે ગુણકા પાસેથી તે માગે એટલી રકમ આપવાની કરીને તે ઘર વેચાતું માગ્યું, પણ ગુણકાએ તે આપવાની ના પાડી. બીજા લોકોએ તેને ઘણી સમજાવી, પરંતુ તેણે જણાવ્યું કે તળાવ બંધાવવાથી રાણીની જેટલી નામના થશે તેટલીજ મારી નામના ઘર આપવાની ના પાડવાથી થશે. પછી તેના ઉપર જુલમ ન ગુજારતાં મીનળદેવીએ ખાંચો

પાડીને તળાવ બંધાવ્યું અને ગુણકાનું ઘર કાયમ રાખ્યું. આથી મીનળદેવીની કીર્ત્તિ ઉલટી વધી અને તેની વાહવાહ કહેવાવા લાગી. ત્યારથી લોકોમાં કહેવત ચાલુ થઈ છે કે, " ન્યાય જોવો હોય તો ધોળકાનું મલાવ તળાવ જુઓ."

૨૬. સિદ્ધરાજ અને રાહ ખેંગાર.

જુનાગઢના રાજા રાહ નવઘણે ઉમેટાના રાજાને મારી નાખવાની, ભોંયરાનો કોટ તોડી નાખવાની, પાટણનો દરવાજો તોડી પાડવાની, અને એક ભાટે મશ્કરી કરી હતી માટે તેના ગાલ ફાડી નાખવાની, એવી ચાર પ્રતિજ્ઞા લીધી હતી, પણ મરતાં સુધી તેનાથી એકે પૂરી અમલમાં મૂકાઈ નહિ; તેથી મરતી વખત તેણે પોતાના ચાર છોકરાઓને બોલાવીને કહ્યું કે મારાં ચાર કામ કરવાનાં બાકી છે, તે કરવાની કોઈ કબુલત આપો તો મારો જીવ ગતે જાય. ત્રણ છોકરાઓએ એક એક કામ કરવાનું માથે લીધું. પણ સૌથી નાનો છોકરો જે ખેંગાર હતો તેણે એકલાએ એ ચારે કામ કરવાનું વચન આપ્યું અને બાપના હાથમાં પાણી મૂક્યું, એટલે તેને જુનાગઢનું રાજ્ય સોંપીને નવઘણ મરણ પામ્યો. આ ખેંગાર મહા શૂરવીર અને સાહસિક હતો. ગાદીએ બેઠા પછી તુરત તેણે ભોંયરે આવી તેનો કિલ્લો તોડી પાડ્યો તથા તેના રાજાને મારી નાખ્યો. ત્યાંથી ઉમેટે જઈ હંસરાજ મહીડાને કતલ કર્યો. પછી જ્યારે સિદ્ધરાજ માળવા ઉપર ચઢાઈ લઈ ગયો હતો ત્યારે તેણે પાટણ ઉપર ચઢી આવી પાટણની પૂર્વ બાજુનો દરવાજો તોડી પાડ્યો અને પાછા જતાં સિદ્ધરાજ સાથે વિવાહ કરેલી રાણક દેવીને હરી જઈને પરણ્યો. તેનાં બહાદુરી ભરેલાં કામથી તેના બાપની મશ્કરીની કવિતા કરનાર પેલા ભાટે તેનાં બહુ વખાણ

કર્યાં ને તેને માટે કવિતાઓ બનાવી તે ઉપરથી ખેંગારે તેને બોલાવી તેના મોંમા એટલાં બધાં હીરા મોતી ભર્યાં કે પાસે બેઠેલા લોકોએ કહ્યું કે, 'અરે એના ગાલ ફાટી ગયા !' ત્યારે ખેંગારે કહ્યું કે, 'ભાટના ગાલ તો એમજ ફડાય, કાંઈ કટારવતી ફડાય નહિ.' આ પ્રમાણે તેના બાપને વચન આપ્યા પ્રમાણે ખેંગારે ચારે કામ પૂરાં કર્યાં.

સિદ્ધરાજ માળવેથી પાછો આવ્યો, ત્યાર પછી તેણે જુનાગઢ ઉપર ચઢાઈ કરી. બાર વરસ સુધી લડાઈ ચાલી પણ ખેંગાર જીતાયો નહિ. છેવટે ખેંગારના ભાણેજોએ દગો કર્યો અને સિદ્ધરાજના લશ્કરને શહેરમાં જવાનો માર્ગ કરી આપ્યો ત્યારે કિલ્લો લેવાયો; આમ છતાં ખેંગાર બહુ બહાદુરીથી લડ્યો અને લડતાં લડતાં મરાયો તથા તેની રાણી રાણક દેવી તેની પાછળ સતી થઈ.

૨૭. રાણક દેવી.

સિંધ દેશના શેરપરા રાજાને ત્યાં એક કન્યા અવતરી. એના જન્માક્ષર જોઈને જોષીઓએ કહ્યું કે એ કન્યાને જે વરશે તેનું રાજ્ય મૂળમાંથી ઉખડી જશે. આ ઉપરથી રાજાએ તે કન્યાને જંગલમાં મૂકી દીધી. તે મજેવડી ગામના એક કુંભારના જોવામાં આવી. તેણે તેને ઘેર લઈ જઈને ઉછેરીને મોટી કરી. એ કન્યા તે રાણક દેવી. એ એવી રૂપાળી હતી કે દુનિયાની કોઈપણ સ્ત્રી તેની આગળ કંઈ હિસાબમાં નહિ. તે પદ્મણીજ ગણાતી. એક વખત સિદ્ધરાજના ભાટો ત્યાં ફરતા ફરતા આવ્યા તેમણે એ કન્યાને જોઈ, અને સિદ્ધરાજ પાસે તેના રૂપનાં વખાણ કર્યાં, તેથી સિદ્ધરાજે તે કન્યાનું માગું કર્યું અને કુંભારે તે કબુલ રાખ્યું.

આ પછી થોડી મુદ્દતે સિદ્ધરાજને ખબર પડી કે પોતાની સાથે વિવાહ કરેલી કન્યા જુનાગઢનો રાજા ખેંગાર પરણી ગયો. તેથી તે મોટું લશ્કર લઈને જુનાગઢ ઉપર ચઢ્યો ને કિલ્લાને ઘેરો ઘાલ્યો. બાર વરસ સુધી ઘેરો રહ્યો પણ કિલ્લો લેવાયો નહિ. છેવટે ખેંગારના ભાણેજો જેમને મામા સાથે અણુબનાવ થયો હતો તેમણે કપટ કરીને દરવાજા ઉઘાડી આપ્યા, તેથી કિલ્લો સર થયો ને ખેંગાર લડતાં મરાયો. રાણક દેવીને જીવતી પકડી લીધી, ને તેને પોતાની સાથે પરણવાનું કહ્યું, પણ તે તેણે માન્યું નહિ, ત્યારે તેના બે છોકરા હતા તેમને સિદ્ધરાજે તેની માના દેખતાં મારી નાખ્યા. જીત કરીને પાછા જતાં તેણે તેને પોતાની સાથે લીધી અને પોતાની રાણી થવાને ઘણું સમજાવી તથા ધાક દેખાડી, પણ તે એકની બે થઈ નહિ. તેણે તો ખેંગારની પાછળ સતી થવાનું જણાવ્યું, તેથી તેને પાછી મોકલવામાં આવી. રસ્તે જતાં વઢવાણ આગળ તે સતી થઈ. મરતી વખત તેણે સિદ્ધરાજને શાપ દીધો કે "તેં મારા છોકરા મારી નાખ્યા છે માટે તને પુત્ર નહિ થાય."

૨૮. સોમનાથનો જાત્રાવેરો માફ કર્યો.

સિદ્ધરાજની મા મીનળદેવી એક વખત શુકલતીર્થની જાત્રાએ ગઈ હતી. ત્યાં પૂજારીઓએ તેને કહ્યું કે અહીં સોમનાથની જાત્રાએ આવનાર માણસો પાસેથી ભાલોદ ગામ આગળ રાજ્ય તરફથી જાત્રાવેરો લેવામાં આવે છે, તેથી ઘણાક ગરીબ જાત્રાળુને જાત્રા કર્યા વગર પાછા જવું પડે છે, માટે એ વેરો માફ થાય તો સારૂં. આથી તે તુરત પાછી પાટણ ગઈ અને સિદ્ધરાજને ત્યાં તેડી લાવી, અને જાત્રાળુઓને પડતી બધી અડચણો તેણે સિદ્ધરાજને બતાવી. પછી કહ્યું કે મારા તરફ

જો તને ખરેખરૂં હેત હોય તો તું આ જાત્રાવેરો માફ કરી લોકોને વગર હરકતે જાત્રા કરવા જવા દે. સિદ્ધરાજે એ વેરાથી થતી ઉપજની તપાસ કરાવી તો તે ૭૨ લાખની માલમ પડી, છતાં સિદ્ધરાજે પોતાની માના વચનની ખાતર તે જગ્યાનો જાત્રાવેરો માફ કર્યો.

૨૯. સિદ્ધરાજ અને ગામડીઆ લોક.

સિદ્ધરાજ માળવાની જીત કરીને આવ્યો ત્યાર પછી ઘણી વાર તે માળવે જતો હતો. એમ એક વખત જતાં પોતાનો એક રાજરથ તે સાથે લઈ જતો હતો. એ રથ એટલો મોટો હતો કે ત્યાંના પહાડી રસ્તામાં સાથે લઈ જવાય એમ નહોતું; તેથી રસ્તામાં વારાહી ગામ આવ્યું ત્યાં તેને પડતો મૂક્યો, અને ગામના લોકોને બોલાવીને તેમને તે સોંપીને કહ્યું કે, પાછા જતી વખત અમે આ રથ લેતા જઈશું, માટે ત્યાંસુધી તમે એને સાચવી રાખજો. એ રથ કોઈ એક માણસને નહિ પણ આખા ગામને સોંપ્યો હતો; તે મોટો હોવાથી કોઈના ઘરમાં રહે એમ નહોતું. તેમજ બહાર રાખી મૂકે તો વખતે કોઈ ચોરી જાય ત્યારે રાજાને શું જવાબ દઈશું, એમ વિચારી લોકોએ તે રથના કકડા કર્યા અને પછી ઘર દીઠ એક એક કકડો સાચવી રાખવાને વહેંચી લીધો. પછી સિદ્ધરાજ પાછો વળતાં જ્યારે એ રથ લેવા તે ગામ આવ્યો, ત્યારે લોકોએ તેની આગળ અકબંધ સાચવી રાખેલા રથના કકડા લાવીને રજુ કર્યા. લોકોએ પોતાના ઉમદા રથના આમ ભાંગીને કકડા કર્યા તે જોઈ સિદ્ધરાજને ઘણો ગુસ્સો ચઢ્યો. પણ નિર્દોષ ભાવે મૂર્ખતાથી ગામડાના લોકોએ એ નુકસાન કર્યું છે એમ સમજી "વારાહીના બણુચક" એટલું કહીનેજ તેણે પોતાનો ગુસ્સો શાન્ત કર્યો.

એક પ્રસંગે ઉંઝા ગામના પટેલીઆઓ રાજાને તંબુએ મળવા આવ્યા. તે લોકો તો એક બીજાને ત્યાં જાય ત્યારે ગમે ત્યાં બેસી જાય છે, તેમ રાજાની ગાદીની જોડે પાથરેલી સુંવાળી કીમતી બેઠક ઉપર સિપાઈએ મના કર્યા છતાં ગમે તેમ બેસી ગયા, અને વળી રાજા કચેરીમાં આવ્યો તો પણ ઉઠ્યા નહિ. પછી સિદ્ધરાજે તેમને ઉઠાડતાં સિપાઈને અટકાવ્યો અને જેમ બેઠા હતા તેમ બેસી રહેવા દીધા. સિદ્ધરાજની આ સાદાઈ જોઈ સૌ નવાઈ પામ્યા.

૩૦. જસમા ઓડણ.

સિદ્ધરાજે પાટણમાં એક મોટું તળાવ બંધાવ્યું હતું. એ તળાવની પાળે ફરતી મહાદેવની હજાર ડેરીઓ હતી, તેથી એનું નામ સહસ્રલિંગ તળાવ પાડયું હતું. એમાં એક મુખ્ય દેવાલય હતું તેના ઘંટને સાંકળ બાંધી બધી ડેરીઓના ઘંટ સાથે તેનો સંબંધ જોડ્યો હતો, તેથી જ્યારે મુખ્ય દહેરાનો ઘંટ વગાડવામાં આવતો ત્યારે બધી ડેરીઓમાં સાથે ઘંટ વાગતા. એ દેવળોમાં પૂજા કરવાને સેંકડો બ્રાહ્મણોની યોજના કરી હતી. સાગરની માફક એ તળાવનું પાણી ભરેલું રહેતું અને રાજા તેમાં હવા ખાવા જતો. એ તળાવ ખોદાતું હતું ત્યારે તે ખોદવાને માટે માળવેથી ઘણા ઓડ બોલાવ્યા હતા. તેમાં જસમા નામે એક ઓડણ તેના ધણી સાથે આવી હતી. એ બહુ રૂપાળી હતી તેથી તેને પરણવાની રાજાને ઈચ્છા થઈ. રાજાએ તેને પોતાની સ્ત્રી કરીને પટરાણી બનાવવાનું કહ્યું પણ તે વાત તેણે કબુલ કરી નહિ. રાજા રોજ તળાવ ઉપર આવીને બેસતો અને જસમાની સાથે વાતચીત કરતો; તેને તે ઘણી લાલચો આપતો, પણ જસમા સતી–પતિવ્રતા હતી તેથી તે રાજાનું કહ્યું માનતી નહિ,

અને ઉલટું રાજાને શિખામણના બોલ કહેતી. જ્યારે તેણે કશી વાત ધ્યાન પર ન લીધી ત્યારે રાજાએ બળાત્કાર કરીને તેને કબજે લેવાનો વિચાર કર્યો. જસમાને એ વાતની ખબર પડી, એટલે રાતો રાત બધા ઓડો ત્યાંથી માળવા તરફ નાઠા. સિદ્ધરાજ તેમની પાછળ પડ્યો અને ઓડોને પકડી પાડ્યા. ઓડો સામા થયા, લડ્યા અને કપાઈ મુવા. જસમા પણ સતી થઈ અને સિદ્ધરાજના હાથમાં આવી નહિ. મરતાં મરતાં તેણે સિદ્ધરાજને શાપ દીધો કે "જા તારા તળાવમાં પાણી રહેશે નહિ."

૩૧. જગદેવ પરમાર.

ધારાનગરીના રાજા ઉદયાદિત્યને બે રાણીઓ હતી–વાઘેલી અને સોલંકી: વાઘેલી માનીતી હતી અને સોલંકીણી અણમાનીતી હતી. બન્નેને એક એક છોકરો થયો હતો. માનીતીના છોકરાનું નામ રણધવળ ને અણમાનીતીના છોકરાનું નામ જગદેવ. જગદેવ બહુ બહાદુર, શૂરો અને પરાક્રમી હતો; દેશ દેશાવર તેથી તેની કીર્ત્તિ ગાજી રહી હતી; અને રણધવળમાં કશા માલ ન હતા; છતાં રણધવળને રાજાએ રાજ્યનો માલીક ઠરાવ્યો હતો, તેથી તે વૈભવ ભોગવતો હતો. જગદેવની માને એક નાનું સરખું ગામ જીવાઈમાં આપ્યું હતું.

ચાવડા રાજા બીજે પોતાની કુંવરી વીરમતી જગદેવ સાથે પરણાવી હતી. એ મહા સતી અને શૂરવીર રજપુતાણી હતી. પછી જગદેવ બાપથી રીસાઈને કોઈ રાજા રજવાડામાં નોકરી રહેવા નીકળી પડ્યો. રસ્તે આવતાં સાસરેથી પોતાની સ્ત્રી વીરમતીને જોડે લીધી. તે વખતે પાટણમાં પરાક્રમી રાજા સિદ્ધરાજ રાજ્ય કરતો હતો, તેથી તેઓ પાટણ તરફ વળ્યાં. રસ્તામાં જંગલમાં વાઘ અને વાઘણ મળ્યાં. વાઘને જગદેવે માર્યો, પણ

વાઘણનું નિશાન છટકી ગયું તેથી તે વિકરાળ થઈને ઉપર ધસી આવી, તેને વીરમતીએ એકે ઝટકે પૂરી કરી. પાટણ આવ્યા પછી રાજા સિદ્ધરાજે જગદેવની બહાદુરીને લીધે તેને રોજનો ૧૦૦૦ રૂપીઆ પગાર કરી આપી પોતાનો અંગરક્ષક નીમ્યો, ને તે નોકરી ખરી નિમકહલાલીથી તેણે બજાવી હતી. જગદેવના પ્રતાપેજ પોતે જીવતો રહેવા પામ્યો છે એવું મનમાં આવવાથી સિદ્ધરાજે પોતાની દીકરીને જગદેવ સાથે પરણાવી ને તેને મોટી જાગીરો આપી.

વખત જતાં જગદેવની ખ્યાતિ ઘણી વધી તેથી સિદ્ધરાજને તેની ઈર્ષા થવા લાગી. જગદેવે જાણ્યું કે સિદ્ધરાજ માળવા ઉપર ચઢાઈ કરશે; અને તે વખતે હું તેનો નોકર હોવાથી મારાથી તેની સાથે લડાશે નહિ; તેથી તે સિદ્ધરાજની નોકરી છોડીને પોતાને દેશ ચાલ્યો ગયો. તેના પિતા ઉદયાદિત્યે તેનાં પરાક્રમોથી પ્રસન્ન થઈ તેને ગાદી ઉપર બેસાડ્યો.

૩૨. દંડપતિ સજ્જન.

વનરાજનો પ્રધાન ચાંપો નામે વાણીઓ હતો, તેના વંશનો સજ્જન નામે પુરૂષ સિદ્ધરાજના દરબારમાં દંડપતિના હોદ્દા ઉપર હતો. તેને સિદ્ધરાજે સોરઠ જીત્યા પછી સોરઠનો સુબેદાર બનાવ્યો હતો. એ સજ્જને સોરઠની ત્રણ વર્ષની ત્રણ કરોડ રૂપીઆ ઉપજ આવી તે ગીરનાર ઉપર નેમિનાથનું સુંદર અને ભવ્ય દેવાલય બંધાવવામાં સિદ્ધરાજને પૂછયા વિનાજ ખરચી નાખી. ત્રણ વર્ષ પછી જયારે સિદ્ધરાજ સોરઠ ગયો તે વખતે એ સજ્જન તો ગુજરી ગએલો હતો અને તેની જગ્યાએ તેનો પુત્ર પરશુરામ કામ કરતો હતો. તેને વિચાર થયો કે મારા બાપે રાજ્યની ત્રણ વર્ષની ઉપજ તો આ દેવળ બંધાવવામાં ખરચી

નાખી છે, તેથી રાજા હિસાબ માગશે ત્યારે શું જવાબ દઈશ ! આ પરથી આસપાસનાં ગામોના શેઠીઆઓને તેણે વાત કરી ત્યારે તેમણે કહ્યું કે, રાજા પૈસા માગશે તો અમે આપીશું. પછી જ્યારે રાજાએ ત્રણ વર્ષનો હિસાબ માગ્યો ત્યારે તેને ગીરનાર ઉપર લઈ જઈ તે ભવ્ય દેવાલય બતાવીને કહ્યું કે, "મારા બાપે એ ઉપજ આવું સુંદર અને ભવ્ય દેવાલય આપના નામથી બંધાવવામાં ખરચી આપની કીર્તિ ચોતરફ ફેલાવી છે; તેની કિંમત એ ઉપજ કરતાં વધારે છે. હવે આપને એ દેવાલયો બંધાવવાનું પુણ્ય જોઈએ છીએ કે પૈસા જોઈએ છે ? જો પૈસા જોઈતા હોય તો લાવી આપું." રાજા દેવાલય જોઈને બહુ ખુશ થઈ ગયો, તેથી તેણે કહ્યું કે "મારે પૈસા નથી જોઈતા, પુણ્ય જોઈએ છે." એમ કહીને તેનું કરેલું કામ બહાલ રાખી પરશુરામને, તેના પ્રમાણિકપણાથી રાજી થઈ, તેજ જગ્યા ઉપર કાયમ રાખી, સિદ્ધરાજ પાછો પાટણ આવ્યો.

૩૩. કુમારપાળ.

સિદ્ધરાજને પુત્ર નહોતો તેથી તેના પછી ગુજરાતની ગાદી તેના પિતરાઈ કુમારપાળને મળી. કુમારપાળની મા હલકા કુળની હતી તેથી પોતાના પછી કુમારપાળ ગાદીપર બેસે એ વાત સિદ્ધરાજને ગમતી નહોતી. એટલા માટે તેણે કુમારપાળને મારી નાંખવાની તજવીજ કરી. પરંતુ કુમારપાળને તે વાતની ખબર પડી જવાથી તે છાનોમાનો નાશી છૂટયો, અને સાધુનો વેશ લઈને ફરતો ફર્યો. કેટલેક દિવસે તે પાટણ પાછો આવ્યો ને આદિનાથના અપાસરામાં ઉતર્યો. એ દિવસે સિદ્ધરાજના બાપ કરણરાજનું શ્રાદ્ધ હતું તેથી સિદ્ધરાજ બધા સાધુઓને બોલાવી તેમના પગ પખાળી તેમની સેવા કરતો હતો. બધા

સાધુઓ ભેગો કુમારપાળ પણ ત્યાં ગયો. તેના પગ પખાળતાં સિદ્ધરાજને બહુ કોમળ જણાયા, તથા ઉર્ધ્વરેખા વગેરે રાજ-ચિહ્ન તેના પગના તળીઆમાં માલમ પડ્યાં; તે પરથી સિદ્ધરાજને વહેમ પડ્યો કે, આ કોઈ સાધુ નથી પણ રાજપુરુષ છે, ને તેથી તેના સામું જોઈ રહ્યો. આ ઉપરથી કુમારપાળ ચેતી ગયો કે સિદ્ધરાજે મને ઓળખ્યો, અને તેથી તે લાગ જોઈને છાનોમાનો પોતાના બાપને ગામ દેથળી નાશી ગયો. એ ગામ કરણ રાજાએ તેના દાદા દેવપ્રસાદને ઈનામમાં આપ્યું હતું. સિદ્ધરાજને વહેમ આવેલો કે એ કુમારપાળજ હશે, તેથી તેને પકડી લાવવાને તેની પાછળ તેણે માણસો છોડ્યાં, અને તેઓ ગામમાં આવીને તેને પકડી પાડત; પણ એક કુંભારે વાસણ પકવવાના નિભામાં તેને સંતાડી દીધો. ત્યાંથી પછી તે લાગ જોઈને નાઠો. તે રસ્તામાં પકડાઈ જાત પણ એક ખેડુતે ખેતરને વાડ કરવાના કાંટાના ઢગલામાં તેને સંતાડી દીધો તેથી બચી ગયો. તેને પકડવા આવનાર માણસો પગલાં જોતાં તે ખેતરમાં આવ્યા પણ કોઈ જણાયું નહિ. કાંટાનો ઢગલો પણ તેમણે ભાલા ખોસી તપાસી જોયો છતાં કંઈ પત્તો લાગ્યો નહિ. તેથી પકડનારા ચાલ્યા ગયા, એટલે કુમારપાળ ત્યાંથી નાઠો. આગળ જતાં એક ઝાડની છાયા નીચે થાક ખાવા બેઠો; ત્યાં એક ઉંદર દરમાંથી સોનામહોરો એક પછી એક કહાડીને બહાર મૂકતો તેના જોવામાં આવ્યો. તે ઉંદર મહોરો કાઢી રહ્યો એટલે કુમારપાળે તે બધી એકદમ જઈને લઈ લીધી. આમ ચમત્કારિક રીતે તેને વાટ ખરચી સારૂ દ્રવ્ય મળ્યું તેથી તેણે શુકન થયા એમ જાણ્યું. પછી ત્યાંથી આગળ ચાલતાં એક શ્રીમંત વાણીઆની સ્ત્રી પોતાને સાસરેથી પિયેર જતી જણાઈ. તેની સાથે કેટલાંક માણસ તથા ગાડી ઘોડાં હતાં. તે બધાં

રસ્તાની એક બાજુએ બપોર ગાળવા અને ખાવાનું ખાવા બેઠાં હતાં. તેમની પાસે જઈ કુમારપાળે પોતે ત્રણ દિવસનો ભૂખ્યો હોવાથી ખાવાનું માગ્યું. એ કોઈ સારૂં માણસ છે એમ જાણી તે લોકોએ પોતાની પાસે બેસાડી તેને ખવડાવ્યું. એ બાઈનો ઉપકાર માની કુમારપાળ આગળ ચાલ્યો તે કેટલેક દિવસે રખડતો રખડતો ખંભાત આવી પહોંચ્યો. ત્યાં ઉદયન મંત્રીને ઘેર ખાવા સારૂ તે ગયો, પણ મંત્રી તે વખતે અપાસરામાં ગયા હતા તેથી કુમારપાળ પણ ત્યાં ગયો. અપાસરામાં હેમાચાર્ય અને ઉદયન સાથે બેઠા હતા. હેમાચાર્યે કુમારપાળને જોઈને કહ્યું કે, "આવો ગુજરાત દેશના ભવિષ્યના મહારાજા." કુમારપાળ આ વખતે ભીખારી જેવો હતો તેથી તેને હેમાચાર્યનું આ ભવિષ્ય સત્ય લાગ્યું નહિ; પરંતુ હેમાચાર્યે એ વાતની ખાત્રી આપી ત્યારે કુમારપાળે વચન આપ્યું કે મને ગુજરાતનું રાજ્ય મળશે તો હું જૈન ધર્મ પાળીશ.

૩૪. કુમારપાળ. (ચાલુ)

કુમારપાળ ખંભાતમાં હતો તે વખતે સિદ્ધરાજના માણસો તેને શોધતા શોધતા આવેલા, પણ હેમાચાર્યે તેને ભોંયરામાં સંતાડી દીધો અને ઉપર ખજુરીનાં પાંદડાં ઢાંકી દીધાં તેથી બધો અપાસરો શોધી વળ્યા છતાં કંઈ માલમ ન પડવાથી તે માણસો પાછાં ગયાં. પછી ઉદયન મંત્રીએ માણસો તથા પૈસા ટકાની કેટલીક મદદ આપી તે લઈને કુમારપાળ ઉજ્જન ગયો, અને ત્યાંથી પછી દક્ષિણમાં ગયો. ત્યાં એને સિદ્ધરાજના મરણના સમાચાર મળ્યા એટલે તે ઝટ પાટણ આવ્યો, અને પોતાના બનેવી કૃષ્ણદેવની મદદથી ગાદી પર બેઠો. એ રીતે રખડી રવડીને ઘણું દુઃખ વેઠવા છતાં છેવટે સંવત ૧૧૯૯ માં

તે ગુજરાતના રાજ્યનો માલિક થયો. રાજ્ય મળ્યા પછી સંકટના સમયમાં જેણે જેણે એના ઉપર ઉપકાર કરેલા તે બધાંને સંભારી સંભારીને તે સૌના ઉપકારનો બદલો વાળવાને તે ચૂકયો નહોતો એવો તે ગુણી અને કૃતજ્ઞ હતો.

સિદ્ધરાજના મરણ પછી ગાદી ઉપર બેસાડવાને દરબારીઓએ ત્રણ કુંવરોને તૈયાર કર્યા હતા. તેમાંના પહેલાને વેશ ઉપરથીજ દરબારીઓએ પસંદ કર્યો નહિ. પછી બીજાને બધાએ પૂછયું કે, તમે શી રીતે રાજ્ય ચલાવશો ? ત્યારે તેણે ઉત્તર આપ્યો કે જેમ તમે કહેશો તેમ ચલાવીશ. આ ઉપરથી દરબારીઓને લાગ્યું કે એનામાં કંઈ પાણી નથી; એવો રાજા ગુજરાતની ગાદીને શું શોભાવે ? તેથી તેને પણ નાપસંદ કર્યો. ત્યાર પછી કુમારપાળનો વારો આવ્યો. કુમારપાળને પણ બધાએ મળીને એજ સવાલ પૂછયો કે, તમે શી રીતે રાજ્ય ચલાવશો ? આ સાંભળતાંજ કુમારપાળની આંખો ચમકી ઉઠી, ને એકદમ ઘુંટણ ઉપર ઉભો થઈ ગયો, અને તરવાર મ્યાનમાંથી ખેંચી કાઢી બોલી ઉઠ્યો કે, "આ રીતે રાજ્ય ચલાવીશ." આથી બધા દરબારીઓ રાજી થઈ ગયા અને 'ધન્ય છે ધન્ય છે,' કહેવા લાગ્યા. પછી તેને પસંદ કરી સંવત ૧૧૯૯માં ગાદી પર બેસાડ્યો.

એણે કોંકણના રાજાને તાબે કર્યો હતો તથા સોરઠના રાજાને હરાવી માર્યો હતો. સપાદલક્ષ અથવા સાંભર (શાકંભરી) ના રાજા પાસેથી કુમારપાળે દેવસેવા વખતે ઓઢવાનું રેશમી વસ્ત્ર મંગાવ્યું હતું તે તેણે મોકલ્યું નહિ, તેથી ઉદયનના ત્રીજા પુત્ર ચાહડને લશ્કર લઈ તેને સજા કરવા મોકલ્યો. તે સાંભર ગયો તે દિવસે ગામમાં ૭૦૦ કન્યાઓનાં લગ્ન થતાં હતાં, તેમાં હર-

ફત ન આવે માટે તેણે રાત્રે ગામને ઘેરો ઘાલ્યો, અને પછી બીજે દિવસે સવારે લડાઈ કરી રાજાને મારી તેનો ખજાનો લૂટી લીધો. પછી વસ્ત્રના બદલામાં તે ગામમાંથી ૭૦૦ વણકરો લાવી પાટણમાં વસાવ્યા અને નવાં વસ્ત્રો તૈયાર કરાવ્યાં. આ ચાહડ બહુ દાનેશ્વરી હોવાથી તેણે માગણોને પુષ્કળ ધન આપી દીધું હતું, તેથી કુમારપાલે તેને ઠપકો આપ્યો; અને તેના શૌર્યના બદલામાં તેને "રાજ ઘરટ્ટ" એટલે રાજાઓને દળી નાખનાર એવો ઈલ્કાબ આપ્યો.

૩૫. હેમાચાર્ય.

ધંધુકામાં ચાચિંગ નામે એક વાણીઓ રહેતો હતો. તેને એક છોકરો થયો તેનું નામ ચંગદેવ પાડ્યું. દેવચંદ્રસુરી નામે એક જૈન સાધુ તે ગામમાં આવ્યા હશે, ત્યારે ચંગદેવ રમતાં રમતાં દેવચંદ્રની ગાદી ઉપર ચઢી બેઠો. તેની ચાલાકી અને તેના કપાળનું તેજ જોઈને દેવચંદ્રને લાગ્યું કે આ છોકરો કોઈ નામાંકિત પુરુષ થશે, તેથી તેની મા પાસેથી પોતાનો શિષ્ય બનાવવાને તે છોકરો માગ્યો. માએ પ્રથમ તો ના કહી પણ પછી બીજા લોકોના સમજાવવાથી તેણે તે છોકરો સાધુને આપી દીધો. તેને લઈને તે સાધુ કર્ણાવતી ચાલ્યા ગયા. ચાચિંગ ઘેર આવ્યો ત્યારે તેને ખબર પડી કે બૈરીએ છોકરો સાધુને આપી દીધો છે. તે ઉપરથી પોતે છોકરાને જોયા વગર કંઈ અન્ન લેવું નહિ એવું પણ લીધું, અને ભૂખ્યો તરસ્યો સાધુની પાછળ કર્ણાવતી ગયો. ત્યાં સાધુની પાસે જઈને પોતાનો છોકરો તેણે પાછો માગ્યો. આ વખતે ત્યાં દેવચંદ્ર પાસે ઉદયન મંત્રી બેઠા હતા તેમણે તેને ઘણું સમજાવ્યો, અને પુષ્કળ ધન આપ્યું, તથા બીજા લોકોએ પણ સમજાવ્યો; તેથી છોકરાને સાધુને સોંપીને

તે પાછો ગયો. પછી એ છોકરાને સાધુએ દીક્ષા આપી અને તેનું નામ સોમદેવસુરી પાડયું. ૨૦ વર્ષની ઉમ્મરમાં તો સોમદેવ ઘણી વિદ્યા ભણ્યો અને એક મહા સમર્થ વિદ્વાન થયો, તેથી તેને આચાર્યની પદવી આપી અને તેનું નામ હેમચંદ્ર એટલે સોનાના ચંદ્ર જેવો એવું પાડયું. પોતાની વિદ્વત્તાથી સિદ્ધરાજના દરબારમાં તે માનીતો થઈ પડ્યો હતો, અને કુમારપાળ એને પોતાનો ગુરુ ગણતો હતો.

૩૯. કુમારપાળનાં ધર્મકૃત્યો.

પ્રભાસપાટણમાં સોમનાથ મહાદેવનું દેવાલય દરીઆનાં મોજાંથી તૂટી ગયું હતું, તેનો જીર્ણોદ્ધાર હેમાચાર્યની સલાહથી કુમારપાળે કરાવ્યો. વળી તે કામ પૂરૂં થતાં સુધી હિંસા ન કરવાની અને બ્રહ્મચર્ય પાળવાની તેણે બાધા લીધી હતી. પોતાના રાજ્યમાં તેણે જીવહિંસા બંધ કરાવી હતી. કોઇ ધનવાન અપુત્ર મરણ પામે તો તેની મિલકત રાજ્યના ખજાનામાં લઈ લેવી એવો તે વખત રિવાજ હતો, તેથી એક ધનવાન શેઠ અપુત્ર મરણ પામ્યો તેની સ્ત્રી ઘણું રડતી હતી; તે જોઈને કુમારપાળે તેને અભયવચન આપ્યું તથા હવે પછી કોઈની પણ મિલકત લઈ લેવી નહિ એવો નિયમ કર્યો. વળી પોતાના ખાનગી ખર્ચને માટે રાજ્યના ખજાનામાંથી પૈસો લેવો નહિ, પણ પોતાની જાત મહેનતથી કમાઈને ખર્ચ કરવો, એવી તેણે બાધા લીધી હતી. મહાદેવનાં તથા જૈનનાં ઘણાં દેવાલયો એણે બંધાવેલાં છે. આવાં અનેક ધર્મકાર્યો એણે કરેલાં હતાં.

૩૭. ભીમદેવ બીજો (ભોળો ભીમ).

કુમારપાળ પછી તેનો ભત્રીજો અજયપાળ ગાદીએ બેઠો તે શિવમાર્ગી હતો તેથી જૈન ધર્મનો તેણે અનાદર કર્યો. ત્રણ વર્ષ રાજ્ય કર્યા પછી એના એક હરવાને એના પેટમાં કટાર મારી એને મારી નાખ્યો. એના પછી એનો પુત્ર મૂળરાજ ગાદીએ બેઠો. તે ઘણો નાનો હતો તેથી લોકો તેને બાળ મૂળરાજ કહેતા. એ નાની ઉમ્મરનો હતો તેથી તેનો કાકો ભીમદેવ રાજકારભાર ચલાવતો. બાળ મૂળરાજ બે વર્ષમાંજ મરણ પામ્યા પછી ભીમ રાજા થયો. એ ઉતાવળીઓ અને ભોળો હતો તેથી લોકો તેને ભોળો ભીમ કહેતા. આબુના રાજા જેતસી પરમારને એક કુંવરી હતી તેનું માગું ભીમે કર્યું, પણ જેતસી પરમારે તે કુંવરીને અજમેરના રાજા સોમેશ્વર ચહુઆણ સાથે પરણાવી દીધી. જેથી ભીમને અને સોમેશ્વરને વેર બંધાયું. વળી ભીમદેવના કેટલાક પીત્રાઇઓ ભીમદેવથી રિસાઇ સોમેશ્વરને શરણે ગયા હતા તે ત્યાં મરાયા તેથી વેરમાં ઉમેરો થયો. આથી પ્રથમ ભીમે આબુના રાજા ઉપર ચઢી જઇ તેને મારી અજમેર ઉપર ચઢાઈ કરી સોમેશ્વરને માર્યો. એના વખતમાં ગીજનીનો શાહબુદીન ઘોરી ગુજરાત ઉપર ચઢી આવ્યો હતો. ભીમ પ્રથમ હાર્યો, પણ તેના ગયા પછી ગાદી પર બેસી ગયો.

૩૮. દિલ્હીનો પૃથ્વીરાજ ચહુઆણ.

પૃથ્વીરાજ આ વખતે હિંદુસ્તાનમાં એક જબરો યોદ્ધો ગણાતો હતો. તે શબ્દવેધી હતો, એટલે આવતો શબ્દ સાંભળી તે તરફ બરાબર બાણ મારી શકતો હતો અને નિશાનને વિંધી નાખતો હતો. એની પાસે એના જેવાજ શૂરા સામંતો હતા તે કોઈથી જીતી ન શકાય એવા જબરા હતા. શાહબુદ્દીન ઘોરીને

સાત વખત એણે હરાવ્યો હતો. સોમેશ્વર એનો બાપ થતો હતો તેથી જ્યારે એણે પોતાના બાપના મરણની વાત સાંભળી ત્યારે તેને પગથી માથા સુધી ઝાળ લાગી, અને બાપની ઉત્તરક્રિયા કર્યા પછી ગુજરાત ઉપર ચઢાઈ કરી. બાપનું વેર લીધા વગર પલંગપર સુવું નહિ અને પાઘડી પહેરવી નહિ એવી એણે બાધા લીધી હતી. પૃથ્વીરાજની ફોજ ગુજરાતની હદમાં આવીને દાખલ થઈ ત્યારે તેણે પોતાના ચંદ બારોટને મસાલ, નિસરણી, કોદાળી, જાળ, અંકુશ અને ત્રિશૂળ લઈને ભીમના દરબારમાં ખબર કહેવા મોકલ્યો, કે પૃથ્વીરાજ ચહુઆણ બાપનું વેર લેવા ચઢી આવ્યો છે, માટે લડવા તૈયાર થા. ચંદ બારોટે સભામાં જઈ ભીમને સમાચાર કહ્યા ત્યારે ભીમે પૂછ્યું કે એ તો ઠીક, પણ આ વિચિત્ર વસ્તુઓ સાથે શી આણી છે? ચંદે કહ્યું કે, "પૃથ્વીરાજે કહેવડાવ્યું છે કે જો તું અંધારામાં સંતાઈ જઈશ તો આ દીવો લઈને તને શોધી કાઢીશું; જો તું આકાશમાં ચઢી જઈશ તો નિસરણી ઉપર ચઢી તને ખેંચી લાવીશું; પાતાળમાં પેસી જઈશ તો કોદાળીથી ખોદી કાઢીશું; અને સમુદ્રમાં સંતાઈ જઈશ તો જાળ નાખી પકડી લઈશું; આ અંકુશથી તને વશ કરીશું અને ત્રિશૂળથી મારી નાખીશું. માટે દાંતે તરણાં લઈ શરણે આવો કે મરણ માગી લો." આ સાંભળી ભીમ હસ્યો અને કહ્યું કે ભીમ જેવો ગુજરાતનો રાજા ભીમ કોઈનાથી ડરતો નથી. પછી બન્નેનાં લશ્કર સામસામા થયાં; જબરૂં યુદ્ધ ચાલ્યું; પણ આખરે પૃથ્વીરાજના હલ્લા આગળ ભીમના લશ્કરથી ટકી શકાયું નહિ ને ભીમની હાર થઈ. તેને રણમાંથી નાશી જવું પડ્યું અને જય મેળવી ગુજરાત લૂટી પૃથ્વીરાજ પાછો ફર્યો.

ભાગ ૫મો.

વાઘેલા વંશ.

૩૯. વાઘેલા વંશની સ્થાપના.

ધવળપ્રસાદ નામના એક સોલંકી સરદારે ધવળપુર અથવા ધોળકા વસાવી ત્યાં પોતાની સત્તા જમાવી હતી. એ ધવળપ્રસાદનો પુત્ર અર્ણોરાજ તે કુમારપાળની માસીનો છોકરો થતો હતો. તેણે કુમારપાળની સારી સેવા બજાવી હતી, તથા ઘણી વાર કુમારપાળનું જીવ સાટે રક્ષણ કર્યું હતું, તેથી કુમારપાળે રાજી થઈ તેને વાઘેલ ગામની જાગીર આપી હતી. એના વંશના રજપુતો વાઘેલા કહેવાયા. એના વંશજો આગળ જતાં ગુજરાતના રાજા થઈ પડ્યા હતા. અર્ણોરાજનો પુત્ર લવણપ્રસાદ મોટો થયો ત્યારે તેણે ધોળકામાં રહીને ગુજરાત પર રાજસત્તા ચલાવી.

૪૦. લવણપ્રસાદ.

ભોળા ભીમના વખતમાં ગુજરાતના રાજાઓની સત્તા નરમ પડી ગઈ હતી. ઘણા સામંતો ભીમદેવથી સ્વતંત્રપણે વર્તતા હતા અને મુલક પચાવી પડતા હતા. અર્ણોરાજનો પુત્ર લવણપ્રસાદ તે વખતે મહા બળીઓ હતો અને ધોળકાની આજુબાજુનો મુલક તેના તાબામાં હતો. તે ભીમના પક્ષમાં હતો. તેને બોલાવીને ભીમે કહ્યું કે, "તમારા બાપે મને ઘણી મદદ

કરી છે તેથી તમારે પણ કરવી જોઈએ. તેના બદલામાં હું તમારા પુત્ર વીરધવળને મારો યુવરાજ બનાવું છું." આ પછી ભીમદેવે વીરધવલને યુવરાજ તરીકે સ્વીકાર્યો હતો.

લવણપ્રસાદના વખતમાં દક્ષિણમાંથી દેવગીરીનો રાજા ચઢી આવ્યો હતો, તેને ભરૂચ આગળ તેણે હરાવ્યો હતો. આ લડાઈમાં વીરધવળે ઘણી બહાદુરી બતાવી હતી. તે ઘણી વખત ઘવાયો હતો છતાં લવણપ્રસાદે તેને બચાવી લીધો હતો. લવણપ્રસાદે મારવાડમાં આવેલા નાંદોલના રાજાને પણ હરાવીને માર્યો હતો. એણે પ્રભાસપાટણના સોમનાથ મહાદેવને એક ગામ ધર્માદા આપ્યું હતું. રાજ્યમાંથી ગામની જાગીરો ઇનામમાં આપી શકે એટલી એની સત્તા હતી, તોપણ એણે પોતાને ગુજરાતનો રાજા કહેવડાવ્યો નથી. એણે પોતાની હૈયાતીમાંજ વીરધવળને રાજ્યનો કારભાર સોંપી દીધો હતો.

૪૧. વીરધવળ.

લવણપ્રસાદ અને વીરધવળ ધોળકામાં રહીને ગુજરાતનો રાજકારભાર ચલાવતા હતા. વીરધવળને વસ્તુપાળ અને તેજપાળ નામે બે વાણીઆ ભાઈઓ મંત્રી મળ્યા હતા. તે બન્ને બહુ બુદ્ધિશાળી અને શૂરવીર હતા, તેથી તેમની મદદથી એણે પોતાનું રાજ્ય ઘણું વધાર્યું.

વીરધવળના મનની મોટાઈની એક વાત નોંધવા જેવી છે. એક દિવસ રાત્રે વીરધવળ પલંગમાં સૂતો હતો ને તેનો સેવક તેની પગચંપી કરતો હતો. વીરધવળના પગની આંગળીએ હીરાની કીમતી વીંટી હતી તે જોઈને પેલા ચાકરની દાનત બગડી, તેથી તેણે તે કાઢી લીધી. તેણે વિચાર્યું કે રાજા ઉંઘે છે એટલે કોણ જોવાનું છે? પણ રાજા તો અર્ધો ઉંઘતો હતો

તેથી તેણે જાણ્યું તોપણ તે બોલ્યો નહિ. પછી બીજે દિવસે વીરધવળે પાછી એવીજ વીંટી મંગાવીને પહેરી લીધી. રાત્રે જ્યારે તેજ સેવક પાછો ચાકરી કરવા આવ્યો ત્યારે તેવીજ વીંટી પગે જોઈને તે આભો બની ગયો. વીરધવળે તેને કહ્યું કે જોજે ભાઈ કાલની પેઠે આજે પણ વીંટી કાઢી ન લેતો. આથી તે ખુબ ગભરાયો. પણ વીરધવળે તેને ધીરજ આપી કહ્યું કે એમાં તારો દોષ નથી, તને પગાર બહુ થોડો મળે છે તેથી એવું કામ સૂજે. પણ હવેથી એમ ન કરતો, એમ કહીને તેને એક મોટી જાગીર આપી.

લવણપ્રસાદ તથા વીરધવળે ભોળા ભીમદેવના સમયમાંજ આખો ગુજરાત, કાઠિઆવાડ અને કચ્છ જીતીને તાબે કર્યાં હતાં, છતાં તેઓએ અણહિલપુરના રાજ્યના માલિક થવાની ઈચ્છા કરી નહોતી. તેમણે ભીમદેવના સામંત રહેવાનુંજ યોગ્ય ધાર્યું હતું. એક વખત વીરધવળને વસ્તુપાળે કહ્યું કે, આટલો બધો દેશ તમારી સત્તા નીચે આવી ગયો છે તો હવે તમે મહારાજાનું પદ ધારણ કરો. ત્યારે તેમણે કહ્યું કે, એ પદને લાયક અમે હજી કંઈ ભારે કામ કર્યાં નથી, તેથી અમારૂં "રાણા"નું પદ સારૂં છે. આટલી બધી સત્તા જમાવ્યા છતાં તેઓ ધોળકાના "રાણા"જ કહેવાતા હતા.

૪૨. વસ્તુપાળ તેજપાળ.

પાટણમાં આશારાજ નામે એક પોરવાડ વાણીઓ રહેતો હતો. એના બાપદાદા ગુજરાતના રાજાનું કારભારૂં કરતા હતા તેથી એ ગર્ભશ્રીમંત હતો. એક વખત હરિભદ્રસૂરી કથા કરતા હતા ત્યાં આશા શેઠ કથા સાંભળવા બેઠા હતા. કુમારદેવી નામે વાણીઅણ પણ ત્યાં કથા સાંભળવા બેઠી હતી. કથા કહેતા

સાધુ કુમારદેવી તરફ વારંવાર જોતા હતા, તેથી કથા પૂરી થઈને બધા લોક વેરાઈ ગયા, ત્યારે આશા શેઠે સૂરીને પૂછયું, કે એ સ્ત્રીમાં એવું શું હતું કે તમે તેના તરફ વારંવાર જોયા કરતા હતા. સૂરીએ જવાબ આપ્યો કે એના શરીર ઉપર એવાં શુભ ચિહ્નો જણાય છે કે એને પેટે ધર્મધુરંધર અને મહા પરાક્રમી પુત્રો ઉત્પન્ન થાય. આ ઉપરથી આશા શેઠે તે સ્ત્રી સાથે લગ્ન કર્યું. એનાથી તેને ચાર પુત્રો–લુણિગ, માલદેવ, વસ્તુપાળ ને તેજપાળ–થયા અને સાત પુત્રીઓ થઈ. એ ચારે પુત્રો બહુ પરાક્રમી નીકળ્યા હતા અને મંત્રીપદને પામ્યા હતા.

એક વખત વસ્તુપાળ અને તેજપાળ જાત્રા કરવા નીકળેલા તે ધોળકાને પાદરે મુકામ નાખીને પડ્યા હતા. પોતાના કુળ-ગોર સોમેશ્વરદેવના કહેવાથી વીરધવળે તેમને માન સાથે બોલાવી પોતાના રાજ્યનું મંત્રી પદ આપ્યું. એ બંને ભાઈઓએ મંત્રીપદ સ્વીકારતી વખતે રાજાની પાસે એવી કબુલાત કરાવી લીધી હતી કે, "કોઈની ભંભેરણીથી અમારા ઉપર તમારી કોઈ વખત ઈતરાજી થાય, અને અમોને દંડવામાં આવે, ત્યારે અમારી પાસે હાલ જે અમારી ૩ લાખની મિલ્કત છે તે લઇને અમને જવા દેવા." વીરધવળે આ વાત કબુલ કરી તેથી તેઓ મંત્રી પદે કાયમ થયા. ત્યાર પછી વીરધવળે વસ્તુપાળને ધોળકા ને ખંભાતનો બંદોબસ્ત રાખવાનો અધિકાર સોંપ્યો, અને તેજપાળને પોતાનો મંત્રી નીમી લડાઈના કામે પોતાની સાથે રાખ્યો.

વસ્તુપાળ તેજપાળે ઘણાં ધર્મનાં કામ કરાવેલાં છે. એમની સમૃદ્ધિનો પાર નહોતો. એમની પાસે હજારો દાસ દાસીઓ, અને સેંકડો ઘોડાઓ હતાં, તથા મોટા મોટા હાથીઓ એમને

ઘેર ઝુલતા હતા. એમ કહેવાય છે કે, ત્રણ અબજ ચૌદ લાખ ને અરાઢ હજાર રૂપીઆ એમણે ધર્માદામાં ખર્ચ્યા છે. આબુ ઉપર, ગિરનાર ઉપર, અને શેત્રુંજય ઉપર એમણે સુંદરમાં સુંદર દહેરાં બંધાવ્યાં છે. એના વિષે એવી કથા છે કે, વસ્તુપાળ તેજપાળ જ્યારે જાત્રાએ ગયા ત્યારે કાઠિઆવાડમાં આવતાં તેમને લૂટારાઓનો ભય લાગ્યો, તેથી એક ઝાડ નીચે પોતાની ત્રણ લાખની મિલ્કત દાટવાનો વિચાર કર્યો. પરંતુ ખાડો ખોદતાં તો જમીનમાંથી ઉલટો સોનાની મહોરોનો ચરૂ નીકળ્યો; એટલે તેમને વિચાર આવ્યો કે આપણે તો જમીનમાં દાટવાનું કરીએ છીએ, પણ ભૂમિ માતાએ તો આપણને ઉલટું દ્રવ્ય આપ્યું, તો હવે શું કરવું ? ત્યારે વસ્તુપાળની સ્ત્રી અનુપમા દેવીએ કહ્યું કે હવે એને જમીનમાં નહિ પણ પર્વતની ટોચપર એવી રીતે મૂકો કે લોકો દેખે પણ લઈ શકે નહિ. આ સલાહથી આબુ ઉપર એમણે દહેરાં બંધાવ્યાં. (જુઓ વાત ૨૦ મી)

૪૩. ગોધરાનો ઘૂઘુલ.

ગોધરાનો માંડલિક રાજા ઘૂઘુલ હતો તે જાત્રાળુઓને હેરાન કરતો તથા માલ લઈ જનારા વણઝારાઓને લૂટતો હતો. વીરધવળે તેને ઠપકો દેવડાવ્યો, પણ તે ન માનતાં ઉલટું તેણે એક ભાટની સાથે એક પહેરવાની સાડી અને આંખમાં આંજવાની મેંશની દાબડી વીરધવળની પાસે મોકલીને તેની મશ્કરી કરી. વીરધવળને આથી ઘણો ક્રોધ ચઢ્યો, અને ભાટને વિદાય કરી દરબારમાં પાનનું બીડું ફેરવ્યું કે ઘૂઘુલને જીતવાને કોણ બીડું ઝડપે છે ? તેજપાળે એ બીડું ઝડપી લીધું. પછી લશ્કર લઈને તેજપાળ ગોધરા ઉપર ચઢ્યો. ગોધરા થોડું છેટું રહ્યું ત્યારે ત્યાંજ પડાવ નાખી પોતાના માણસો મોકલી તેણે ગોધરાની

ભાગોળેથી ગાયો હંકાવી મંગાવી. ગાયો પાછી વાળવા ઘૂઘુલ લશ્કર લઈને પાછળ પડ્યો. તેઓ લડતાં લડતાં તેજપાળની છાવણી સુધી આવી પહોંચ્યા એટલે તેજપાળ એકદમ લશ્કર સાથે તેના ઉપર તૂટી પડ્યો. ત્યાં ઘણી ભારે લડાઈ થઈ. છેવટે તેજપાળે ઘૂઘુલને જીવતો પકડી લીધો, અને ગોધરાનો મુલક જીતી લઈ તેના વંશના રજપુતને ગાદીએ બેસાડી ખંડીઓ બનાવ્યો. પછી ઘૂઘુલને લાકડાના પાંજરામાં પૂરી ધોળકે આણ્યો. ત્યાં દરબારમાં તેણે મોકલેલી સાડી તેને પહેરાવી તથા મેંશની ડાબડી તેની કોટે બાંધી. આ અપમાન સહન ન થવાથી તે જીભ કરડીને મરણ પામ્યો.

૪૪. વીરમનું તોફાન અને વિશળદેવ રાજા.

વીરધવળને બે પુત્રો હતા, વિશલદેવ ને વિરમદેવ. વીરમદેવ મોટો હતો, પણ તોફાની અને અવિચારી હતો, તેથી વીરધવળની તેના પર પ્રીતિ નહોતી. ધોળકાના વૈષ્ણવોમાં એવો રિવાજ હતો કે મોટી અગિયારસને દિવસે એક ઝાડ નીચે પોતાની નજરમાં આવે તે વસ્તુનાં ૧૦૮ નંગ મૂકવાં અને તે ધર્માદા કરી દેવાં. એક એકાદશીને દિવસે વીરમદેવે ૧૦૮ રૂપીઆ મૂક્યા. ત્યાર પછી એક વાણીઓ આવ્યો તેણે ૧૦૮ સાચાં મોતી મૂક્યાં. આથી વીરમને ગુસ્સો ચઢ્યો કે વાણીઓ મારા કરતાં ચઢી ગયો ? પછી તરવાર ખેંચીને તે તેને મારવા દોડ્યો. વાણીઓ નાઠો તે વીરધવળના દરબારમાં જઈને ભરાઈ ગયો. વીરમ પણ તેની પાછળ દોડતો ગયો; આગળ વાણીઓ ને પાછળ વીરમ. બન્ને દરબારમાં પેઠા, તેથી દરબારમાં કોલાહલ થઈ રહ્યો. વીરધવળે એ વાત જાણી એટલે તેણે વીરમને અટકાવ્યો, અને ધમકાવીને કહ્યું, "અરે મૂર્ખ ઉદ્ધત છોકરા !

ખબરદાર જો વાણીઆને હાથ અડકાડયો તો. એણે તારા કરતાં વધારે મૂકયું તેમાં તારૂં શું જતું રહ્યું? વાણીઆઓ તો મારી જંગમ મિલ્કત છે, માટે જા, તારૂં કાળું કર. આજથી મારા દરબારમાં આવીશ નહિ." એમ કહીને તેને એક ગામ ગિરાસમાં આપ્યું ને ત્યાંજ રાખ્યો. એ રહેવા ગયો ત્યારથી તે ગામનું નામ **વીર**મગામ પડયું.

વીરમ ગયા પછી **વીરધવળે** રાજ્યનો વારસ **વિશલદેવને** બનાવ્યો. **વિશલદેવ** ડાહ્યો અને સમજુ હતો તેથી બધાને પ્રિય થઈ પડયો હતો. **વસ્તુપાળ** જાણતો હતો કે **વીરમ** તોફાની છે તેથી તે કોઈ વખત આફત લાવશે, ને તે માટે પહેલેથીજ તેણે શહેરનો સારો બંદોબસ્ત રાખ્યો હતો, અને મુદ્દાની જગ્યાઓ ઉપર લશ્કરી પહેરા મૂકી દીધા હતા. **વીર-ધવળ** માંદો પડયો ત્યારે તેને જોવાને બહાને **વીરમદેવ** પોતાનાં માણસોને લઈને આવ્યો અને પોતાના ઘરમાં રહ્યો. રાજાની મુલાકાત તેને થઈ નહિ. ત્રણ દિવસ મંદવાડ ભોગવીને રાજા **વીરધવળ** મરણ પામ્યો, ત્યારે **વીરમદેવ** સજ્જ થઈને ગાદીએ બેસવા આવ્યો. પરંતુ **વસ્તુપાળે** તે પહેલાંજ **વિશલદેવને** ગાદીએ બેસાડી દીધો અને તેની આણ ગામમાં ફેરવી દીધી. પછી **વિશલદેવ** તથા **વસ્તુપાળ** લશ્કર લઈને **વીરમની** સામા ગયા. લડાઈ થઈ તેમાં **વીરમ** હાર્યો ને પોતાને સાસરે જબલપુર નાસી ગયો. ત્યાં જઈને પોતાના સસરાની મદદ માગી. પણ **વિશલદેવ** અને **વસ્તુપાળ** તેની પાછળ પડેલા તે જબલ-પુર આવ્યા. જબલપુરના રાજાથી ગુજરાતના રાજાનો તાપ જીરવાયો નહિ તેથી તેણે મદદ આપી નહિ અને ગુજરાતના લશ્કરે ઓચિંતો **વીરમના** ઉપર ધસારો કરી તેને મારી નાખ્યો.

૪૫. 'ડભોઇ મળતું તેન તલાવ'.

ડભોઈની પાસે સાતેક માઈલ દૂર ચાંડોદ જવાના રસ્તા ઉપર તેન નામે એક ગામ છે. તે ગામમાં એક મોટું પત્થરથી બાંધેલું સુંદર તળાવ છે, તેને તેન તળાવ કહે છે. એ તળાવ વિશલદેવની માની દાસી તેનાં અથવા તેલાં નામે હતી તેણે બંધાવેલું છે. વિશલદેવે ડભોઈનો કિલ્લો જે કડીઆ પાસે બંધાવ્યો તે હીરો કડીઓ એક પ્રસિદ્ધ કારીગર હતો. એ હીરા કડીઆને તેલાંએ કહ્યું કે, ડભોઈના કિલ્લા સાથે મારૂં નામ પણ અમર રહે તેવું કંઈ થવું જોઈએ, અને તેને માટે તેણે પોતાના નામથી તલાવ બંધાવવાની ઈચ્છા જણાવી એમ કહેવાય છે. આ ઉપરથી ડભોઈનો કિલ્લો બંધાવવાને જે પત્થરો આવતા તેમાંથી સારા સારા પત્થરો જ્યાં તલાવ બંધાવવાની જગ્યા ઠરાવી હતી ત્યાં તે મોકલી આપતો; અને તેનો તલાવ બાંધવાના કામમાં ઉપયોગ થતો. એક તરફ કિલ્લો બંધાવવા માંડયો અને બીજી તરફ ખાસ કારીગરો રોકીને તેણે તલાવ બંધાવવાનું કામ ચલાવ્યું. બન્ને સાથે પૂરાં થયાં; પરંતુ તલાવ પૂરૂં થતાં સુધી તે કોણ બંધાવે છે અને શી રીતે બંધાય છે તેની કોઈને ખબર પડી નહિ. તલાવમાં વપરાતા પત્થરની ખોટ પૂરી કરવાને માટે હીરા કડીઆએ ડભોઈના કોટની વચ્ચે ઇંટોના કકડા અને માટી ભરાવી અને આસપાસ સારાસારા પત્થર બેસડાવ્યા. હીરા કડીઆ ઉપર રાજાનો ઘણો પ્યાર હતો, તેથી કોઈથી આ વાત રાજાને કહી શકાતી નહિ. પરંતુ રાજાની માને જ્યારે આ કપટની ખબર પડી ત્યારે તેણે રાજાને એ વાત જણાવવાને એક યુક્તિ કરી. એક દિવસ જમણમાં રાજાને માટે વેડમી બનાવી. વેડમી કોઈ દિવસ રાજાએ ખાધેલી નહિ

તેથી તેણે પોતાની માને પૂછયું કે, "માતાજી, આ પદાર્થનું નામ શું?" માએ કહ્યું "એ તો તારો ડભોઇનો કોટ". આમ કહેવાનો અર્થ રાજા સમજી શકયો નહિ તેથી તેણે ખુલાસો પૂછયો, ત્યારે માએ કહ્યું કે, જેમ આ વેડમીમાં બે તરફ ઘઉંના લોટની રોટલીનાં પડ છે, અને વચમાં ગોળદાળનો માવો ભરેલો છે; તેમ તારા કોટમાં પણ બે તરફ દેખાઇતા પત્થરો ગોઠવેલા છે, અને વચ્ચે ધૂળ ને માટીજ ભરેલી છે. આ સાંભળીને રાજા બહુ વિસ્મય પામ્યો. તપાસ કરતાં તેને તે વાત ખરી લાગી. પછી આટલા બધા પત્થર આવ્યા છતાં આમ કરવાનું કારણ શું તેની તપાસ કરતાં જણાયું કે, એ રીતે બચાવેલા પત્થરનું તો મોટું તલાવ બંધાયું છે. તે બંધાવામાં હીરા કડીઆની લુચ્ચાઈ માલમ પડી, તેથી તેને કોટમાં ચણી લેવાનો રાજાએ હુકમ કર્યો; પરંતુ કારભારીઓએ સલાહ આપી કે એવો સારો કારીગર કોઈ દિવસ કામનો છે. તે ઉપરથી તેને હીરા ભાગોળના દરવાજા આગળના કોટમાં ચણ્યો ખરો, પણ ડોકાની ઉપરનો ભાગ ખુલ્લો રહેવા દીધો. છ મહીના સુધી તેની બૈરીએ તેને ફક્ત ઘી પાઈને જીવતો રાખ્યો. પછી એક દરવાજાની કમાન બેસાડવાની બાકી હતી, તે બેસાડવાને ઘણા કારીગર મથ્યા પણ કોઈથી તે બેઠી નહિ, ત્યારે છેવટે હીરા કડીઆને છ માસે બહાર કઢાવ્યો; પરંતુ કમાન બેસાડવાની યુક્તિ બતાવીને તરતજ બહારનો પવન લાગવાથી તે મરણ પામ્યો. જે દરવાજા આગળ એને ચણી લીધેલો તે ડભોઈનો પૂર્વ તરફનો દરવાજો હીરા દરવાજો અને તે તરફની ભાગોળ હીરા ભાગોળ કહેવાય છે. એણે બંધાવેલું તલાવ ઘણું સુંદર લાગવાથી રાજાએ તે અખંડ રહેવા દીધું, અને દાસીના નામથી તેન તલાવ કહેવાયું. પાછળથી ત્યાં ગામ વસેલું તે પણ તેન તલાવ કહેવાય છે.

ડભોઈના કિલ્લા ભેગું તલાવ બંધાયું, તેથી એ તરફ "ડભોઈ મળતું તેન તલાવ" એવી કહેવત પડી ગઈ છે; અને તે એક કામની સાથે સાથે બીજું કામ વિશેષ પ્રયત્ન વગર કરી લેવાનું હોય ત્યારે વપરાય છે.

ડભોઈનો કિલ્લો તથા તેન તલાવ જોવા લાયક છે.

૪૬. કરણઘેલો તથા માધવ પ્રધાન.

વિશલદેવ પછી અર્જુનદેવ અને સારંગદેવ નામે રાજાઓ થયા છે. ગુજરાતનો છેલ્લો રજપુત રાજા કરણઘેલો થયો હતો. એ શૂરો પણ અવિચારી, જુલમી અને અનીતિમાન હતો. પોતાનાં કર્મથી એણે ગુજરાતનું રાજ્ય ખોયું, અને પોતે રખડી રવડીને મરણ પામ્યો.

માધવ નામે નાગર બ્રાહ્મણ કરણ વાઘેલાનો પ્રધાન હતો. માધવની સ્રી ઘણી રૂપાળી હતી, તેથી એક દિવસ માધવ ગામ ગયો હશે ત્યારે કરણે તેને જબરજસ્તીથી પકડી મંગાવીને પોતાના મહેલમાં પૂરી દીધી. એ વખતે માધવનો ભાઈ કેશવ રાજાના માણસોની સામે થયો ને લડતાં મરાયો, અને તેની સ્રી સતી થઈ. માધવ આવ્યો ત્યારે ઘર ઉજ્જડ દીઠું. પછી તેને બધી વાતની ખબર પડી ત્યારે તેના ક્રોધનો પાર રહ્યો નહિ. પરંતુ એ એકલો રાજાની સામે શું કરી શકે? તેથી તે બારોબાર દિલ્હી ગયો ને દિલ્હીના મુસલમાન બાદશાહને જઈને મળ્યો. એ વખતે દિલ્હીમાં ખીલજી વંશનો અલ્લાઉદ્દીન બાદશાહ રાજ્ય કરતો હતો. કરણ ઉપર પોતાનું વેર વાળવાને માધવે તેને ગુજરાત ઉપર સ્વારી કરવાને સમજાવ્યો તથા ગુજરાત ઘણો ધનવાન મુલક છે તેથી પુષ્કળ લૂટ મળશે એવી લાલચ આપી. વળી પોતે ભોમીયા તરીકે બધો રસ્તો બતાવી દેવાનું વચન આપ્યું. અલફખાન

નામના સરદારને જબરૂં લશ્કર આપીને અલ્લાઉદ્દીને માધવની સાથે ગુજરાત જીતવા મોકલ્યો. ગામડાં લૂટતું અને દેશ ઉજ્જડ કરતું મુસલમાનોનું લશ્કર ઓચિંતુ ગુજરાતમાં ફરી વળ્યું. કરણ એશઆરામમાં પડેલો હોવાથી તેની સામા થવાની કશી તૈયારી કરી શકયો નહિ. માધવે કપટથી શહેરના દરવાજા ઉઘડાવી નંખાવ્યા. મુસલમાની લશ્કર શહેરમાં પેઠું. કરણ જીવ લઈને પોતાની છોકરી દેવળદેવીને સાથે લઈને નાઠો તે દક્ષિણમાં દેવગીરીના રાજા રામદેવને આસરે રહ્યો. તેની રાણી કમળાદેવી કેદ પકડાઈ તેને મુસલમાનોએ દિલ્હી મોકલી દીધી, ત્યાં બાદશાહે તેની સાથે લગ્ન કર્યું. કમળાદેવીએ પોતાની છોકરી કરણ પાસે હતી તેને તેડાવી લેવાનું બાદશાહને કહ્યું તે પરથી તેણે તેની શોધમાં લશ્કર મોકલ્યું. લશ્કર શોધતું શોધતું દેવગીરી તરફ આવ્યું. દેવગીરીના સવારો દેવળદેવીને લઈને જતા હતા તે પકડાઈ ગયા. મુસલમાનોની સાથે લડતાં તે મરાયા અને દેવળદેવી મુસલમાન સરદારના હાથમાં આવી, ને તેને દિલ્હી મોકલવામાં આવી. બાદશાહના શાહજાદાએ તેની સાથે લગ્ન કીધું. કરણ પણ બાગલાણના ડુંગરમાં મુસલમાનોના સપાટામાં આવી ગયો અને એકલો પડી ગયા છતાં તે જુસ્સાથી લડીને મરણ પામ્યો. આ પ્રમાણે ગુજરાતના રજપુત રાજ્યની આખર આવી. અલ્લાઉદ્દીને ગુજરાત ખાલસા કર્યું અને પાટણમાં પોતાનો સુબો નીમ્યો. આ તોફાન અને લૂટફાટના સમયમાં ગુજરાતની તથા પાટણની વસ્તી વેરણ ખેરણ થઈ ગઈ, ને ગમે ત્યાં જઈને વસી. હાલની ગુજરાતની વાણીઆ બ્રાહ્મણની ન્યાતો તે વખતની બંધાયલી છે.

ભાગ ૬ઠ્ઠો.

મુસલમાની રાજ્ય કાળ.

૪૭. પાદશાહીની સ્થાપના.

કરણ ઘેલા જેવા નબળા રાજાની ખરાબ ચાલથી અને માધવ જેવા દેશદ્રોહી પ્રધાનથી ૧૩૦૪માં ગુજરાતના રજપુત રાજ્યનો અંત આવ્યો, અને પ્રજામાં જુલમ, ત્રાસ, અને અંધેરનું રાજ્ય પ્રવર્તી રહ્યું. અલ્લાઉદ્દીન ખીલજીએ ગુજરાત જીત્યા પછી ગુજરાતમાં રહીને રાજ્ય કરનાર કોઈ રાજા સ્થિર રહ્યો નહિ. દિલ્હીના પાદશાહો તરફથી ગુજરાત ઉપર અમલ ચલાવવાને સુબાઓ આવતા, પરંતુ તે તરતનું જીતાયલું હોવાથી લોકના મનમાં હજુ સ્વતંત્રતાનો પવન ભરાયલો હતો, અને નાના ઠાકોરો તથા ગરાસીયાઓ મુસલમાન સત્તાની સામે થતા, તેથી વારંવાર બળવા થતા. આથી રૈયતમાં બહુ અશાંતિ રહેતી. વળી એ સુબાઓની બદલીઓ પણ વારંવાર થતી, ને કેટલાક તો થોડાક મહીનામાંજ બદલાઈ જતા. આથી કોઈનો અમલ જામતો નહિ. કેટલીક વાર નવા આવનાર સુબાઓની સામે જુનો સુબો થતો ને એમ લડાઈ ટંટા થયા કરતા. છેવટના ભાગમાં દિલ્હીના પાદશાહો નબળા થયા, તે તકનો લાભ લઈ ગુજરાતના મુસલમાન સુબાઓએ સ્વતંત્ર થવા પ્રયત્ન કર્યો.

ઈ. સ. ૧૩૯૧માં જફરખાન ગુજરાતનો સુબો થઈ આવ્યો. એણે ૧૪૦૩માં પોતાના દીકરા તાતારખાનને મહંમદશાહ નામ આપી ગુજરાતનો પાદશાહ બનાવ્યો ને તેના નામની દુવાઈ ફેરવી.

૪૮. ગુજરાતના મુસલમાન પાદશાહો.

મહંમદશાહ દિલ્હી જતાં રસ્તામાંજ માંદો પડયો ને મરણ પામ્યો. પછી જફરખાને પોતાના ભાઈને ગાદીએ બેસવાનું કહ્યું, પણ તેણે ના પાડ્યાથી પોતેજ મુજફરશાહ નામ ધારણ કરી ગાદીએ બેઠો. ઈ. સ. ૧૪૦૭.

આ પછી બીજે વર્ષે આશાવળની આસપાસના ભીલ કોળી લોકોએ બંડ કર્યું તે સમાવવા તેણે પોતાના પૌત્ર **અહમદશાહને** મોકલ્યો; પણ તેણે તો પાટણની બહાર પડાવ નાંખી વિદ્વાનોને બોલાવીને પૂછયું કે, માણસે પોતાના બાપને મારી નાંખ્યાનું વેર શી રીતે લેવું. તેના જવાબમાં તેઓએ કહ્યું કે, તે માણસને મારી નાંખવો. આ ઉપરથી અહમદશાહે પાટણમાં પાછા આવી મુજફરશાહને ઝેરનો પ્યાલો પીવા આપ્યો. મુજફરશાહે તેને કહ્યું કે, 'દીકરા, શા માટે ઉતાવળ કરે છે? છેવટે રાજ્ય તારૂં જ છે.' છતાં તેણે માન્યું નહિ, તથી પોતે પ્યાલો પી ગયો, ને મરતાં મરતાં કહ્યું કે, જેણે તને આવી સલાહ આપી તેને મારી નાંખજે, કદી દારૂ પીશ નહિ, અને નેકીથી ચાલજે. આ વાતને માટે એમ કહેવાય છે કે, તાતારખાને રાજ્ય લેવાના લોભથી મુજફરને કેદમાં નાંખ્યો હતો, ને પછી પોતે દિલ્હી જતો હતો તે વખતે મુજફરના કોઈ મળતીયાએ તેને રસ્તામાં મારી નાંખેલો, તે ઉપરથી અહમદે તેનું વેર લીધું. ઝેર દીધા પછી અહમદ એટલો પસ્તાયો કે પછી કોઈ દિવસ તે હસ્યો નથી.

૪૯. અહમદશાહ.

અહમદશાહ ગાદીએ બેઠો તે વખતે એની ઉમર ૨૧ વર્ષની હતી. આ વખતે **વડોદરાના** સુબેદારે બંડ કર્યું. પણ **અહમદશાહે** તેમની પાછળ પડી તેને પકડી લીધો, અને પોતાની પાસે તેડાવી મંગાવી માફી આપી. બીજે વર્ષે વળી તેણે ઈડરના રાજા સાથે મળી બળવો ઉઠાવ્યો, ને તેમાં પણ બીજા કેટલાક મળ્યા. આખરે **અહમદશાહે** તેમને હરાવ્યા. વળી કેટલાક સરદારોએ એકઠા મળી બળવો કરવાનો વિચાર કર્યો, ને **માળવાના** સુલતાનને ગુજરાત ઉપર ચઢી આવવા ઉશ્કેર્યો. તે બળવો પણ **અહમદશાહે** બેસાડી દીધો અને **માળવા** પર ચઢાઈ કરી તે લૂટયું. આ ઉપરાંત **જુનાગઢ** ઉપર ચઢાઈ કરી ત્યાંના રાજાને તેણે હરાવ્યો તથા **સિદ્ધપુર** ઉપર ચઢાઈ કરી ત્યાંના હિંદુ દેવળને ઠેકાણે મસીદ ચણાવી. **ચાંપાનેર**, **નાંદોદ** અને **ઝાલાવાડના** રાજાઓને પણ એણે વશ કર્યા હતા, અને દક્ષિણમાં ઠેઠ **મુંબઈ**, **સાષ્ટિ**, **માહિમ** અને **કોંકણ** સુધીનો પ્રદેશ એણે જીત્યો હતો. **માહિમના** રાજાએ પોતાની દીકરી એને આપી હતી. એણે રાજ્યનો સારો બંદોબસ્ત કર્યો હતો, પોતાના રાજ્યમાં ઘણા કિલ્લા બંધાવ્યા હતા અને દુશ્મનોના કિલ્લા તોડી પાડ્યા હતા. એણે **અમદાવાદ** શહેર પોતાના નામથી વસાવી ત્યાં સારી સારી ઈમારતો બંધાવી હતી. **અહમદશાહ** પછી **મહંમદશાહ**, **કુતુબશાહ** અને **દાઉદશાહ** થયા હતા.

---

૫૦. અમદાવાદ શહેર.

આ શહેર **અહમદશાહ** બાદશાહે વસાવ્યું હતું, માટે એનું નામ **અમદાવાદ** પડયું છે. એ શહેર **સાબરમતી** નદીના કાંઠા ઉપર આવેલું છે. એને ફરતો કોટ છે, અને તેમાં ભદ્ર નામે એક કિલ્લો છે. જુમ્મા મસીદ, શાહ આલમનો રોજો, કાંકરિયું તળાવ, ત્રણ દરવાજા, બાદશાહ તથા બેગમના રોજા, સરખેજનો રોજો વગેરે એમાં જોવા લાયક છે.

અમદાવાદમાં હાલ સુતર કાંતવાનાં અને કાપડ વણવાનાં ઘણાં કારખાનાં (મીલો) ચાલે છે, ને તેથી તે વેપારનું મુખ્ય મથક થઈ પડયું છે. તેમજ તે બી. બી. એન્ડ સી. આઈ. રેલ્વેનું * મોટું સ્ટેશન તથા બીજી શાખા રેલ્વેઓનું જંકશન હોવાથી દિવસે દિવસે એનો વેપાર તથા વસ્તી વધતાં જાય છે.

હાલ જ્યાં **અમદાવાદ** છે ત્યાં પહેલાં **આશાવળ** નામે નાનું ગામડું હતું અને **આશો** ભીલ નામે એક જંગલી-ભીલ રાજા ત્યાં રહેતો હતો. આસપાસ ઘણે દૂર સુધી ઘાડું જંગલ હતું, તેમાં જતા આવતા લોકોને લૂટવાનો તે ધંધો કરતો હતો. **અહમદશાહ** તથા તેનો બાપ **મહંમદશાહ** ઘણુંખરૂં **આશાવળ**-માંજ રહેતા; પરંતુ છેવટે **અહમદશાહને** એ જગ્યા નદીને કાંઠે આવેલી હોવાથી પસંદ પડી, અને ત્યાંનાં હવાપાણી સારાં લાગવાથી તેણે ત્યાંજ શહેર વસાવી પોતાની રાજધાની કરી. આ શહેર **અહમદે** આબાદ કર્યું માટે **અહમદાબાદ**. એ શબ્દ ઉપરથી હાલ તે **અમદાવાદ** કહેવાય છે.

---

* (બીઃ બોમ્બે–મુંબઈ; બીઃ બરોડા–વડોદરા; એન્ડઃ અને; સી. આઈઃ સેન્ટ્રલ ઇન્ડિયા–મધ્ય હિંદુસ્તાન).

અમદાવાદ વસાવ્યા સંબંધી એવી વાત ચાલે છે કે, પાદશાહ એક વખત એ ઠેકાણે શિકારે આવ્યો હતો, ત્યારે એની સાથેના શિકારી કુતરા ઉપર એક સસલો ધસી આવ્યો. તે ઉપરથી પાદશાહે જાણ્યું કે જ્યાં સસલાં કુતરાને મારવાને આવે તે જગ્યા કોઈ અલૌકિક હોવી જોઈએ. પછી પોતે વિચાર્યું કે અહીં રહેનારાં માણસો પણ આવાંજ બહાદુર થાય ખરાં, માટે અહીંજ શહેર વસાવવું, એમ ધારીને તેણે ત્યાં શહેર વસાવ્યું. એ વિષે એક કહેવત ચાલે છે કે,

જબ કુત્તેપર સસ્સા આયા;
તબ બાદશાહને શહેર બસાયા.

૫૧. વાઘેલા બહારવટીયા વરહો જેતો.

કરણઘેલો નાશી છૂટ્યા પછી એના વંશના કેટલાક રજપુતો પાટણની આસપાસ ભરાઈ રહ્યા હતા, અને બહારવટું કરતા હતા. તેમાં વરહો ને જેતો નામે બે ભાઈઓ પણ હતા. એ વરહા જેતાએ એક વખત એક ગામને પાદરે રાત્રે મુકામ કર્યો હશે, તે વખત એક ખેડુત ગાડું લઈને ત્યાં થઈને જતો હતો. તેને તેના ચાકરે કહ્યું કે, અહીં બહારવટીયા જણાય છે, માટે આપણે પાછા જઇએ તો સારૂં; પણ ખેડુતે કહ્યું કે એમનાથી ડરવાનું કારણ નથી, કેમકે એમની પાસે મારા જેવો કોઈ માણસ નથી. આ વાત તે બે ભાઇઓએ સાંભળી, તેથી તેને પોતાની પાસે બોલાવીને તેમ કહેવાનું કારણ પૂછ્યું; ત્યારે તે ખેડુતે કહ્યું કે, 'ઠાકોર! મારા જેવો માણસ તમારી સાથે હોત તો ક્યારનોએ ગરાસ પાછો વાળ્યો હોત. આમ રખડવાથી કાંઈ દિવસ વળવાનો છે?' આ ઉપરાંત વળી તેણે કહ્યું કે, "જો પાદશાહની બેગમનો રથ જતો આવતો અટકાવો તો

તમારો ગરાસ પાછો વળે." આ ઉપરથી તેમણે એક દિવસ અહમદશાહની બેગમ રથમાં બેસીને સાંજે કંઈથી આવતી હશે, તે વખતે તેનો રથ અટકાવીને વાળી જવા માંડયો; ત્યારે બેગમે તેમને કહ્યું કે, મને સુખરૂપ જવા દેશો તો હું તમારો ગરાસ તમને છોડાવી આપીશ. પછી તેમણે તેને જવા દીધી એટલે તેણે ઘેર જઈ બાદશાહને કહ્યું કે, તમે વરહા જેતાનો ગરાસ છોડી આપો; એમણે મારી લાજ રાખી છે, ને એમને મેં વચન આપ્યું છે. એ ઉપરથી તે બે ભાઈઓનું બાદશાહે મનામણું કર્યું અને તેમનો ગરાસ બધો પાછો સોંપી દીધો. પછી બન્ને ભાઈઓને બાદશાહે પોતાની પાસે રાખ્યા, અને તે બાદશાહના બહુ માનીતા થઈ પડયા.

એક વખત એ વરહો જેતો બાદશાહના મહેલમાં ઝરૂખે બેઠા હશે. એ પ્રસંગે બિહોલનો ઠાકોર સામંતસિંહ બિહોલો ત્યાં થઈને નીચેથી બપોરને સમયે જતો હતો. રાજકુટુંબના માણસ સિવાય એ કાળમાં કોઈને છત્રી ઓઢવાનો હુકમ નહોતો, તેથી બિહોલો ઠાકોર તાપમાં માથે લુગડું ઢાંકીને જતો હતો, તેને જોઈને વરહા જેતાએ મશ્કરીમાં કહ્યું કે, આ માથાઢંકો કોણ નીચેથી જાય છે? આ સાંભળી બિહોલાને રીસ ચઢી, તેથી તેણે ગુસ્સામાં જવાબ આપ્યો કે, જેણે પોતાની બહેન દીકરી મુસલમાનોને આપી હોય તે મોઢું ઢાંકે, હું શું કામ ઢાંકું? આટલું બોલી તે ચાલતો થયો. પરંતુ આથી વરહા જેતાને બહુ માઠું લાગ્યું, તેથી તેમણે બાદશાહને તેની વિરૂદ્ધ બહુજ ભંભેર્યો. એ બિહોલાને એક છોકરી હતી તેની સાથે લગ્ન કરવાને તેમણે બાદશાહને ઉશ્કેર્યો. બાદશાહે બિહોલાને બોલાવીને તેની છોકરીની માગણી કરી. તેણે પ્રથમ તો માન્યું નહિ; પરંતુ બાદશાહે જ્યારે બહુજ આગ્રહ કર્યો ત્યારે ઉપર ઉપરથી કબુલ

ર્યું. પછી તે ફરી ન જાય તેથી બાદશાહે તેની સાથે ઊંટપર
ાદીને પુષ્કળ પૈસા તેને ઘેર મોકલ્યા. બિહોલાએ એજ પૈસાથી
કલ્લો બંધાવ્યો અને લશ્કર તથા દારૂગોળો ભેગો કર્યો, અને
ાડવાની તૈયારી કરી. પછી લગ્નનો દિવસ ઠરાવી બાદશાહને
ારણવા આવવા કહ્યું. પહેલાં બાદશાહના માણસો આવ્યા તેમના
ાપર બંદુકો ચલાવી. બાદશાહે જાણ્યું કે, દારૂખાનું ફૂટતું હશે,
ાણ પછી દગો માલમ પડવાથી લડાઈ શરૂ થઈ. છ માસ સુધી
બિહોલાએ લડાઈ ચલાવી; પણ પછી હાર્યો ને નાશી છૂટ્યો.
ાણે પોતાની દીકરી ઈડરના રાવ સાથે પરણાવી દીધી, અને
ાણાં વર્ષ સુધી બહારવટું કર્યું. છેવટે બાદશાહે થાકીને તેનું
ામાધાન કર્યું અને તેનો વાંટો પાછો આપ્યો.

પર. મહંમદ બેગડો.

કુતુબશાહ પછી મહંમદ બેગડો બાદશાહ થયો છે. કોઈ
ાાણસ બીજાને ભેટવા જતી વખત બે હાથ પહોળા કરે તેનાં
ેવાં મોટાં ને સામસામાં વળેલાં જે બળદનાં શિંગડાં હોય
ાને હિંદીમાં બેગડો કહે છે. મહંમદશાહની મૂછો મોટી ભરાવ-
ાર અને એવી રીતે વળેલી રહેતી તેથી તેનું નામ બેગડો
ાડ્યું હતું. બીજું કારણ એ અપાય છે કે એણે જુનાગઢ અને
પાંપાનેર એ બે જબરા ગઢ જીતી લીધા તેથી એનું નામ
(બે ગઢો) બેગડો પડેલું હતું. એને રાજ્ય ન મળે એવી
ાુતુબશાહની ઈચ્છા હતી, તેથી એને મારી નાંખવાને તે લાગ
ાાધ્યા કરતો હતો. આથી મહંમદને સ્ત્રીના વેશમાં છુપાઈ
રહેવું પડતું. એની મા એને લઈને શાહ આલમ નામના
મોલિયાના રક્ષણમાં રહી હતી, અને ત્યાં એનું રક્ષણ થયું હતું.
ર ગાદીએ બેઠો ત્યારે છેક ૧૩-૧૪ વર્ષની નાની ઉમ્મરનો

હતો, તો પણ પોતાની બહાદુરી અને હોશિયારીથી એણે પોતાની સત્તા સારી જમાવી હતી. શરૂઆતમાં કેટલાક અમીરોએ એના નિમકહલાલ પ્રધાનને કેદમાં નખાવી એની સામે બળવો કર્યો; પરંતુ પોતે હાથી ઉપર બેસી ૧૪૦૦ હાથીના રસાલા સાથે સામે ધસ્યો, એટલે કેટલાક સારા સરદારો હતા તે એને જોઈને એને મળી ગયા, અને બીજા કેટલાક નાશી ગયા તથા કેટલાક એણે મારી નાખ્યા.

એણે રાજ્યનો બંદોબસ્ત બહુ સારો કર્યો હતો. ચોર, લૂટારા અને ચાંચિયાઓનો નાશ કરી રૈયતને નિર્ભય કરી હતી. એના રાજ્યમાં એક છેડેથી બીજે છેડે સોનું ઉછાળતા જતાં પણ કોઇનો ડર નહોતો લાગતો. એના વખતમાં ગુજરાત ઘણું આબાદ થયું છે. સારાં સારાં ફૂલઝાડો એણે આખા રાજ્યમાં પુષ્કળ રોપાવ્યાં હતાં. બાગ બગીચાનો એને બહુ શોખ હતો. તે વખતે ગુજરાતમાં દ્રાક્ષ પણ બહુ થતી અને **ચાંપાનેરની** દ્રાક્ષ ઘણી વખણાતી તેથી બૈરાં આજે પણ " દ્રાક્ષ મીઠીરે **ચાંપાનેરની** " એમ ગાય છે. **વાત્રક** કાંઠાના લૂટારાઓના બંદોબસ્તને માટે એણે **વાત્રક** નદીને કાંઠે **મહેમદાવાદ** શહેર વસાવી કિલ્લો બંધાવ્યો હતો.

મહંમદ ખાનારો બહુ જબરો હતો. રોજનું બે મણ અનાજ એને ખાવા જોઈતું, ને તેના પ્રમાણમાંજ ઘી દૂધ. રાતના પણ એને ખાવાનું જોઇતું, તેથી પોતાના પલંગની બેઉ બાજુએ ખાવાના ટાટ ભરાવી મૂકતો કે જેથી જે તરફ પાસુ ફેરે તે તરફથી લઈને ખવાય.

મહંમદ બેગડા પછી આઠ સુલતાનો થયા છે.

૫૩. દિલ્હીના બાદશાહોનો અમલ.

છેલ્લા સુલતાન મુજફ્ફરશાહના વખતમાં દિલ્હીના અકબર બાદશાહે ગુજરાત ઉપર સ્વારી કરી ૧૫૭૨માં ગુજરાતને ખાલસા કર્યું હતું. ત્યાર પછી લગભગ ૨૦૦ વર્ષ સુધી તે દિલ્હીના બાદશાહોના તાબામાં રહ્યું. દિલ્હીથી બાદશાહ તરફથી રાજ્ય કરવા મોગલ સુબાઓ ગુજરાતમાં આવતા. થોડી થોડી મુદતમાં તેઓની બદલીઓ થતી કોઈ ટકીને રહેતું નહિ ને શાંતિથી રાજ્ય કરતું નહિ. કેટલીક વખત તો નવીન આવનાર સુબાને અને જુનાને લડાઈ થતી ને તેમાં દેશની પાયમાલી થતી. ફક્ત અકબરના વખતમાં પ્રજાની શાંતિ રહી હતી અને લોક સુખી થયા હતા. એણે રાજ્ય વ્યવસ્થા સારી ગોઠવી હતી. અકબર પછી જહાંગીર, શાહજહાંન, ઔરંગજેબ વગેરે ૧૨ પાદશાહ થયા છે. જહાંગીર જાતે ગુજરાતમાં આવ્યો હતો; પણ અમદાવાદનાં હવા પાણી તેને પસંદ નહિ પડવાથી તેનું નામ તેણે બિમારીસ્તાન પાડયું હતું. શાહજહાંન પણ અહીં આવ્યો હતો. તેણે અમદાવાદમાં શાહીબાગનો મહેલ બંધાવ્યો હતો. ઔરંગજેબ મુસલમાની ધર્મનો અભિમાની અને જુલમી હતો; તોપણ એણે રાજ્યમાં કેટલાક સુધારા કર્યા હતા, અને ઘણા વેરા માફ કર્યા હતા. એના વખતમાં મરાઠાનું જોર વધવા માંડયું હતું, અને તેઓ ગુજરાતમાં લૂટફાટ ચલાવતા હતા. ગુજરાતમાં એ પછીનાં ૫૦ વર્ષ છેક અંધાધુંધીનાં ને ત્રાસનાં વીત્યાં છે.

ભાગ ૭મો.

મરેઠી રાજ્યકાળ તથા અંગ્રેજી અમલ.

૫૪. પેશ્વાની સત્તાનો સમય.

મોગલ રાજ્યના છેલ્લા સમયમાં મુગલાઈ સુબાઓ માંહો-માંહે લડી મરતા તથા મરાઠા સરદારો ગુજરાતમાં લૂટફાટ કરતા તેથી કોઈ કોઈ સુબાને પેશ્વા * સરકારની મદદ માગવી પડતી; કારણ દિલ્હીથી વખતસર મદદ આવી શકતી નહિ અને ગુજરાતમાં અશાંતિ વધી પડી હતી. આ મદદના બદલામાં પેશ્વાને ગુજરાતનો થોડો થોડો મુલક તથા રોકડ રકમ પણ વખતે આપવી પડતી. આ રીતે ગુજરાતમાં પેશ્વાનું રાજ્ય થતું ગયું. મરાઠા સરદારો કેટલીક વખત ચોથ ભાગ લઈને પણ શાંત પડતા. છેલ્લો મોગલ સુબો અમદાવાદમાં જુવાન મર્દખાન બાબી હતો. તેને રાધનપુર અને આસપાસના પરગણાંની જાગીર આપીને સન ૧૭૫૩માં તેની પાસેથી પેશ્વાએ અમદાવાદ લઈ લીધું ત્યારથી પેશ્વા ગુજરાતના રાજા ગણાયા. પરંતુ ગુજરાતમાં મરાઠાઓની ખરેખરી સત્તા તો ૧૭૬૦ સુધીમાં જામી. પેશ્વાઈ અમલમાં લૂટફાટ, લડાઈઓ અને ગરાસિયાઓનાં તોફાન શિવાય બીજા કોઈ મહત્વના બનાવ બન્યા નથી. ઇ સ. ૧૭૫૭ પહેલાં પણ પેશ્વા અને મરાઠા સરદારો ગુજરાતમાં આવતા ને તોફા-

* સાતારાના રાજાના જે બ્રાહ્મણ પ્રધાનો પુનામાં મોટા સત્તાધારી થયા હતા તેમાંનો દરેક પેશ્વા કહેવાતો.

નોમાં ભાગ લેતા. શરૂઆતમાં મરાઠા સરદારો પેશ્વાના તરફથીજ આવતા અને જીતનો ભાગ પેશ્વાને આપતા. એવી રીતે આવેલામાં સેનાપતિ ખંડેરાવ દાભાડે મુખ્ય હતો. તેની સાથે દામાજીરાવ ગાયકવાડ આવેલા હતા. ઈ. સ. ૧૭૦૨માં બાલાપુરની લડાઈમાં દામાજીરાવે ઘણી બહાદુરી કરી હતી, તેથી સેનાપતિએ તેમને સાહુ રાજા પાસે શમશેર બહાદુરનો ઇલ્કાબ અપાવ્યો હતો. ખંડેરાવના મરણ પછી તેનો છોકરો ત્રિંબકજી દાભાડે સેનાપતિ થયો. આ વખતે પેશ્વા અને મરાઠા સરદારો વચ્ચે અણબનાવ શરૂ થયો; તેથી મરાઠા સરદારોનું જોર નરમ કરવાને બાજીરાવ પેશ્વા તેમના ઉપર મોટી ફોજ લઈ ગુજરાત ઉપર ચઢી આવ્યો. ડભોઈની પાસે આવેલા ભીલુપુર આગળ ઈ. સ. ૧૭૩૦માં લડાઈ થઈ તેમાં ત્રિંબકજી મરાયો અને બીજા સરદારો તાબે થયા. પછી સેનાપતિનું કામ પીલાજીરાવ ગાયકવાડને સોંપવામાં આવ્યું ને તેમને સેના ખાસખેલનો ઇલ્કાબ આપ્યો. આ વખતથી ગાયકવાડ સરકાર સેના ખાસખેલ શમશેર બહાદુર લખાય છે.

૫૫. ગાયકવાડ સરકાર.

ગુજરાતમાં જે મરાઠા સરદારો લૂટફાટ કરવા તથા ચોથ ઉઘરાવવા ફરતા હતા તેમાં પીલાજીરાવ ગાયકવાડ અને કુંથાજી કદમ ભાંડે મુખ્ય હતા. પીલાજીરાવે મુસલમાન સુબાને મદદ કરી કેટલોક દેશ મેળવ્યો હતો. તેમાં વડોદરૂં તેમના ભાગમાં આવ્યું, તેથી ઈ. સ. ૧૭૩૦માં વડોદરામાં એમણે ગાયકવાડની ગાદી સ્થાપી. એ વખતે ગુજરાતમાં દિલ્હીના પાદશાહ તરફથી જોધપુરનો રાજા અભેસિંગ સુબાની જગ્યા ઉપર નિમાઈ આવ્યો હતો. તેનાથી મરાઠાઓ વશ થઈ શક્યા નહિ. તેથી છેવટે તેણે ઈ. સ. ૧૭૩૧માં ડાકોર મુકામે કપટથી પીલાજીરાવને મારી

નંખાવ્યા. એમ છતાં તેની ઉમેદ પાર પડી નહિ. પીલાજીરાવના પુત્ર દામાજીરાવે બાપની જગ્યા બરાબર સાચવી. તેમણે જોધપુર ઉપર ચઢાઈ કરી તેથી અભેસિંગને પોતાનું રાજ્ય સંભાળવા ગુજરાતમાંથી પાછા જવું પડ્યું. દામાજીરાવ પુને ગયા હતા ત્યારે પેશ્વાએ તેમને કેદ કરી પોતાની મરજી મુજબ કરાર કરાવી લીધા હતા. ઈ. સ. ૧૭૬૦માં પાણીપતના મેદાનમાં મુસલમાન અને મરાઠા વચ્ચે જંગી લડાઈ થઈ, તેમાં દામાજીરાવે પણ ભાગ લીધો હતો. દામાજીરાવનું મરણ પાટણમાં કીમિયો કરાવતાં થયું. એમના પછી એમના મોટા પુત્ર શિયાજીરાવ ગાદીએ બેઠા. તેમનામાં રાજ્ય ચલાવવાની પૂરી લાયકી નહોતી, તેથી બધો કારભાર તેમના ભાઈ ફતેસિંહરાવ ચલાવતા. એમના વખતમાં ડભોઇ ગાયકવાડ સરકારને મળ્યું. શિયાજીરાવ પછી ગોવિંદરાવ ગાદીપતિ થયા. એમના વખતમાં વડોદરાના આરબોએ બંડ કર્યું હતું, પણ અંગ્રેજ સરકારની મદદથી તે બેસાડી દેવામાં આવ્યું હતું. આ વખતે ગાયકવાડની સત્તા કાઠિઆવાડમાં ઘણી જામી હતી, અને ત્યાંના રાજાઓ પાસેથી મરજી મુજબ ખંડણી લેવામાં આવતી, તેથી જુલમ થતો; માટે અંગ્રેજ સરકારે વચ્ચે પડી ખંડણીનો આંકડો નક્કી કરી આપ્યો તથા તે પોતે વસુલ કરી આપવાનું માથે રાખ્યું. એ વખતે અમદાવાદ અર્ધું પેશ્વાના અને અર્ધું ગાયકવાડના તાબામાં હતું. પેશ્વા તરફનો અમદાવાદનો સુબો આબા સેલુકર હતો, તે રૈયત ઉપર બહુ જુલમ કરતો તેથી રૈયત તેનાથી કંટાળી ગઈ હતી. વળી તેણે અમદાવાદની ગાયકવાડની હવેલી લઈ લેવા પ્રયત્ન કર્યો, તેથી ગાયકવાડની ફોજે અમદાવાદ ઉપર ચઢાઈ કરી અને સેલુકરને પકડીને કેદ કરી લીધો. આ ફોજ શહેરમાં આવી તે વખતે સેલુકર નાચ કરાવતો હતો. તેના

માણુસોએ કહ્યું કે, દુશ્મનનું લશ્કર છેક પાસે આવી લાગ્યું છે, તો પણ તેની કશી દરકાર રાખ્યા વગર તેણે બેવકુફી ભરેલો જવાબ આપ્યો કે, 'શી ફિકર છે, આવવા દો.' આથી તેના બુરા હાલ થયા અને ગાયકવાડે અમદાવાદ લઈ લીધું. આ વખતથી એવી કહેવત ચાલે છે કે, "હાથમાં દંડો બગલમાં બોઈ, હવેલી લેતાં ગુજરાત ખોઈ."

ગોવિંદરાવ પછી આણંદરાવ થયા ને પછી સિયાજીરાવ બીજા થયા. એ બહુ ડાહ્યા, ચતુર અને કરકસરીઆ પણ બીકણુ હતા. એમના વખતમાં ગુલામો વેચવાનો અને સતી થવાનો ચાલ બંધ પડ્યો અંગ્રેજ સરકાર સાથે એમણે બહુ સારો સંબંધ જાળવી રાખ્યો હતો. એ બહુ ધર્મશ્રદ્ધાળુ હતા, ને દાન-ધર્મ ઘણું કરતા. એમના પછી ગણુપતરાવ થયા. તેમના વખતમાં મુંબઈથી અમદાવાદ સુધીની રેલ્વે લાઈન નંખાઈ તેમાં ગાયકવાડ સરકારે પોતાની જમીન આપી હતી. ગણુપતરાવ પછી ખંડેરાવ મહારાજ થયા. તે બહુ બહાદુર અને શૂરવીર હતા. એમને મલ્લવિદ્યાનો બહુ શોખ હતો. સન ૧૮૫૭ના બળવામાં એમણે ગુજરાતમાં સારો બંદોબસ્ત જાળવી રાખ્યો હતો, તેથી અંગ્રેજ સરકારે એમને દત્તક લેવા વગેરેના કેટલાક ખાસ હક આપ્યા હતા. એમના પછી મલ્હારરાવ થયા. તેમના વખતમાં રાજ્યમાં કેટલુંક અંધેર ચાલવા લાગ્યું, તેથી અંગ્રેજ સરકારે તેમને ઉઠાડી મુકી મદ્રાસમાં કેદ રાખ્યા. પછી ખંડેરાવ મહારાજનાં રાણી શ્રીમંત જમનાબાઈ પાસે દત્તક લેવડાવી ઈ. સ. ૧૮૭૬માં સયાજીરાવ મહારાજને ગાદીએ બેસાડ્યા. એજ હાલના મહારાજા.

શ્રીમંત સરકાર મહારાજા સયાજીરાવ ગાયકવાડ.



આ મહારાજા સયાજીરાવે સારી ઉંચી કેળવણી લીધેલી છે. અનેક વખત એ વિલાયત વગેરે દેશોની મુસાફરી કરી આવ્યા છે, અને અનેક પ્રકારના સુધારા એમણે પોતના રાજ્યમાં દાખલ કર્યા છે. કન્યાશાળાઓ, અંગ્રેજી શાળાઓ, કોલેજ, હુન્નરશાળાઓ વગેરે કાઢી તથા પોતાના રાજ્યમાં ફરજીયાત તથા મફત કેળવણી દાખલ કરી રૈયતને કેળવવાનો ઉત્તમ

પ્રકારનો પ્રયત્ન એમણે કર્યો છે. વળી આ મહારાજા સાહેબે ધારાસભા, પંચાયતો, સુધરાઈઓ વગેરે સ્થાપન કરી રાજકાજમાં પ્રજાને ભાગ આપવા માંડ્યો છે, પાટનગર વડોદરાને સુશોભિત બનાવ્યું છે, ને સયાજી સરોવર બંધાવી નળવાટે લોકને માટે ચોકખું પાણી પૂરૂં પાડવા સાધન કરી આપ્યું છે.

ઘણું જીવો એવા પ્રજા વત્સલ મહારાજા.

---

૫૬. અંગ્રેજી અમલ.

ઈ સ. ૧૮૧૮માં પેશ્વાનું રાજ્ય અંગ્રેજ સરકારે લઈ લીધું ત્યારથી ગુજરાતનો પેશ્વાનો પ્રદેશ પણ અંગ્રેજ સરકારના તાબામાં આવ્યો; એટલે એ વખતથી ગુજરાતમાં અંગ્રેજ સરકારનું રાજ્ય થયું ગણાય. સુરત, ભરૂચ, અમદાવાદ, ખેડા અને પંચમહાલ એ પાંચ જીલ્લાઓ સ્વતંત્રપણે અંગ્રેજ સરકારના તાબામાં છે, અને બાકીના ભાગમાં નાનાં મોટાં દેશી રાજ્યોનો અમલ છે; પણ તેમના ઉપર અંગ્રેજ સરકારની ઉપરીપણાની સત્તા છે, તેથી આખું ગુજરાત અંગ્રેજ સરકારના તાબામાંજ ગણાય. ઈ સ. ૧૮૫૭ના બળવા સુધી નામદાર કંપની સરકાર રાજ્ય ચલાવતી હતી, પણ એ પછી ઈંગ્લાંડની પાર્લામેન્ટે હિંદુસ્તાનનો રાજકારભાર સાંધો પોતાના હાથમાં લીધો, તે વખતથી નામદાર વિકટોરિયા રાણી હિંદુસ્તાનનાં અને ગુજ-રાતનાં શહેનશાહબાનુ થયાં હતાં. સન ૧૮૫૮માં એમણે એક ઢંઢેરો બહાર પાડ્યો હતો તેમાં હિંદુસ્તાનના લોકોને પોતાની અંગ્રેજ રૈયતના જેટલાજ હકો આપવાનું ફરમાવ્યું છે. મહારાણી વિકટોરિયાને ઈંગ્લાંડની ગાદીએ રાજ્ય કરતાં ૫૦ વર્ષ થયાથી

ઈ. સ. ૧૮૮૭ માં આખા હિંદુસ્તાનમાં તેમની ' ગોલ્ડન જ્યુબિલી ' (સુવર્ણ મહોત્સવ) ધામધુમથી ઉજવવામાં આવી હતી; અને ઈ. સ. ૧૮૯૭ માં સાઠ વર્ષ થવાથી 'ડાયમન્ડ જ્યુબિલી' (હીરક મહોત્સવ) ઉજવવામાં આવી હતી. ઈ. સ. ૧૮૭૭ માં દિલ્હીમાં મોટો દરબાર ભરવામાં આવ્યો હતો, તે વખતે મહારાણી વિક્ટોરિયાએ કૈસર-એ-હિંદનું પદ ધારણ કર્યાનું જાહેર થયું હતું. ૬૪ વર્ષ સુધી રૂડી રીતે રાજ્ય કરી ૮૨ વર્ષની વયે ઈ. સ. ૧૯૦૧માં એમનો સ્વર્ગવાસ થવાથી એમના વડા પુત્ર **સાતમા એડવર્ડ** ૬૦ વર્ષની વયે એમની ગાદીએ બેઠા. એ જગતમાં શાંતિ સ્થાપનાર મહારાજા તરીકે વખણાયા છે. એમના રાજ્યાભિષેકનો મોટો દરબાર દિલ્હીમાં તે વખતના વાઈસરોય લૉર્ડ કર્ઝને તા. ૧લી જાન્યુઆરી ૧૯૦૩ના રોજ બહુ દબદબાથી ભર્યો હતો. એમના પાટવી પુત્ર પ્રિન્સ ઓફ વેલ્સ ૧૯૦૫ માં હિંદુસ્તાનની મુસાફરીએ આવ્યા હતા, તેમને હિંદની રૈયત તરફથી બહુ માન મળ્યું હતું. શહેનશાહ એડવર્ડના સ્વર્ગવાસ પછી તે **પંચમ જ્યોર્જ** નામે ૧૯૧૦ની ૬ઠ્ઠી મેએ ૪૫ વર્ષની વયે ગાદીએ બેઠા, અને ઈંગ્લાંડના રાજા અને ભારત વર્ષના **શહેનશાહ** બન્યા છે. એમના પટાભિષેકનો દબદબા ભર્યો દરબાર પણ ૧૨મી ડિસેમ્બર ૧૯૧૧ના શુભ દિને પાયતખ્ત શહેર દિલ્હીમાં ભરવામાં આવ્યો હતો, અને તે વખતે **જ્યોર્જ શહેનશાહ** પોતે **મહારાણી મેરી** સાથે હિંદુસ્તાનમાં દિલ્હીની ગાદીએ બેસવા પધાર્યા હતા. તેમના પોતાના પધારવાથી આખા હિંદુસ્તાનમાં આનંદોત્સવ થઈ રહ્યો હતો. અંગ્રેજી અમલ દરમ્યાન દેશમાં લૂટફાટ, ધાડ, ચોરી વગેરે બંધ થયાં, અને રાજાઓની અંદર અંદરની લડાઈઓ પણ

બંધ પડી છે, તેથી દેશમાં શાંતિ પથરાઈ છે, અને રૈયત સુખી થઈ છે. ધર્મિષ્ઠ અને નીતિમાન આર્યપ્રજા પ્રાર્થના કરે છે કે,

શહેનશાહ પંચમ જ્યોર્જ.



જય મહારાજા જ્યોર્જનું જયરાજ્ય શાંતિમાં દીપો-વધો!

ઘણું જીવો શહેનશાહ પંચમ જ્યોર્જ.

પુરવણી

ગુજરાતના જુદા જુદા વંશના રાજાઓ તથા સુલતાનો-મુસલમાન બાદશાહો.

ચાવડા વંશના

	ઇ. સ. થી	ઇ. સ. સુધી.		ઇ. સ. થી	ઇ. સ. સુધી.
વનરાજ	૭૪૬	૮૦૬	વૈરીસિંહ	૮૯૫	૯૨૦
યોગરાજ	૮૦૬	૮૪૨	રત્નાદિત્ય	૯૨૦	૯૩૫
ક્ષેમરાજ	૮૪૨	૮૬૬	સામંતસિંહ	૯૩૫	૯૪૨
ભુવડ	૮૬૬	૮૯૫			

સોલંકી વંશના.

મૂળરાજ ૧લો	૯૪૨	૯૯૭	સિદ્ધરાજ જયસિંહ	૧૦૯૪	૧૧૪૩
ચામુંડરાજ	૯૯૭	૧૦૧૦	કુમારપાળ	૧૧૪૩	૧૧૭૪
દુર્લભરાજ	૧૦ ૦	૧૦૨૨	અજયપાળ	૧૧૭૪	૧૧૭૭
ભીમદેવ ૧લો	૧૦૨૨	૧૦૬૪	મૂળરાજ ૨જો	૧૧૭૭	૧૧૭૯
કરણરાજ	૧૦૬૪	૧૦૯૪	ભીમદેવ ૨જો	૧૧૭૯	૧૨૪૨

વાઘેલા વંશના.

× અર્ણોરાજ	૧૧૭૦	૧૨૦૦	+ વિશળદેવ	૧૨૪૩	૧૨૬૧
× લવણપ્રસાદ	૧૨૦૦	૧૨૩૩	+ અર્જુનદેવ	૧૨૬૧	૧૨૭૪
× વીરધવળ	૧૨૩૩	૧૨૩૮	+ સારંગદેવ	૧૨૭૪	૧૨૯૫
× વિશળદેવ	૧૨૧૮	૧૨૪૨	+ કરણઘેલો	૧૨૯૫	૧૩૦૪
× ધોળકાના રાણા			+ અણહિલવાડના મહારાજાઓ.		

ગુજરાતના સુલતાનો-મુસલમાન બાદશાહો.

મહંમદશાહ ૧લો	૧૪ ૩	૧૪૦૭	સિકંદરશાહ	૧ ૨૬માં	
મુજફ્ફરશાહ ૧લો	૧૪૦૭	૧૪૧૧	મહંમદશાહ ૩જો	૧૫૨૬માં	
અહમદશાહ ૧લો	૧૪૧૧	૧૪૪૧	બહાદુરશાહ	૧૫૨૬	૧૫૩૬
મહંમદશાહ ૨જો	૧૪૪૧	૧૪૫૧	મહંમદશાહ ફારૂકી	૧ ૬માં	
કુતુબશાહ	૧૪૫૧	૧૪૫૯	મહંમદશાહ ૪થો	૧૫૩૬	૧૫૫૪
દાઉદશાહ	૧૪૫૯માં		અહમદશાહ ૨જો	૧૫૫૪	૧૫૬૧
મહંમદ બેગડો	૧૪૫૯	૧૫૧૩	મુજફ્ફરશાહ ૩જો	૧૫૬૧	૧૫૭૨
મુજફ્ફરશાહ ૨જો	૧૫૧૩	૧૫૨૬			